# साबरमती

नदीमुखेनैव समुद्रमाविशेत्

અંકઃ02 | ૨૦૨૬

ફેબ્રુઆરી (મહા)

# સાંકળિયું


1. **છત્રપતિ શિવાજી મહારાજ: ઐતિહાસિક પરિચય અને ઈતિહાસલેખન** 4
   -દર્શન મકવાણા અને સુમિત મકવાણા

2. **કેન્દ્રીય અંદાજપત્રક 2026–27** 7
   -ડૉ. નિમિષા શુક્લ

3. **मानसून क्रांति से मतदान तक: बांग्लादेश चुनाव और दक्षिण एशियाई लोकतंत्र का भविष्य** 10
   - मुकुंद परमार एवं करणसिंह बारड़

4. **સુરેશ જોષીની વિરલ વ્યક્તિત્વ ધરાવતી નાયિકા - વિદુલા** 12
   -ડૉ.કરણસિંહ મહેન્દ્રસિંહ પરમાર

5. **इतिहास एवं अतीत** 14
   - डॉ. विक्रमसिंह अमरावत

6. **પુસ્તક સમીક્ષા: 'એક નહિ લેવાયેલો ઇન્ટરવ્યૂ'– અનોખી શૈલીમાં આત્મપરિચય** 16

7. **પ્રવૃત્તિ દર્પણ** 18
   - શ્રી અદ્વૈતા દવે
   - વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ
   - પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર
   - ઉત્સવો અને તહેવારોની ઉજવણી
   - પ્રાકૃતિક ખેતી દ્વારા ગ્રામ્ય વિકાસ તરફ ગૂજરાત વિદ્યાપીઠનો સંકલ્પ
   - ગૂજરાત વિદ્યાપીઠ મુલાકાત
   - અન્ય પ્રવૃત્તિઓ

8. **આગામી કાર્યક્રમો** 21



**તંત્રી**
ડૉ. હર્ષદ પટેલ

**મુખ્ય સંપાદક**
ડૉ. ધ્વનિલ પારેખ

**સંપાદન મંડળ**
ડૉ. ધારાબેન વઘાડિયા
ડૉ. વિક્રમસિંહ અમરાવત
ડૉ. નીતિન ઢાઢોદરા
શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
શ્રી અદ્વૈતા દવે

**ગ્રાફિક ડિઝાઇન**
ઈશિતા પારેખ

**ફોટોગ્રાફ્સ**
ધ્રુવ દવે

# સંપાદકીય લેખ

**ડૉ. ધ્વનિલ પારેખ**
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

પ્રકૃતિ સતત અવનવાં રૂપો દેખાડતી હોય છે. ફેબ્રુઆરી મહિનો ચાલે છે પણ હજી સુધી જોઈએ એવી ઠંડીનો ચમકારો અનુભવાયો નથી. ઊલટાનું ગરમીનો અનુભવ બહુ જલ્દી થવા લાગ્યો. ગૂજરાત વિદ્યાપીઠ સતત અવનવી પ્રવૃત્તિઓ દ્વારા વાતાવરણ ગમે તે હોય જીવંતતાનો અનુભવ કરાવે છે. આ અંકમાંની પ્રવૃત્તિઓ પર નજર નાખશો તો પણ આ વાતનો ખ્યાલ આવશે. વિદ્યાપીઠની એક વિશિષ્ટ પ્રવૃત્તિ સ્વયંપાકની રહી છે. ફેબ્રુઆરી મહિનામાં જુદાજુદા વિભાગો દ્વારા સ્વયંપાકનું આયોજન થયું હતું. વિદ્યાર્થીઓ જાતે રસોઈ બનાવે, એમાં વૈવિધ્ય પણ હોય અને વિભાગના સહુ સાથે બેસીને ભોજનનો આસ્વાદ માણે એવો રસકીય હેતુ એની પાછળ રહ્યો હોય છે. 22 ફેબ્રુઆરી કસ્તૂરબા નિર્વાણ દિન. આ દિવસને પણ ગૂજરાત વિદ્યાપીઠ વિશિષ્ટ રીતે સ્મરે છે. 'કસ્તૂરબા પરિવાર મેળા'નું આયોજન થતું હોય છે. સમગ્ર વિદ્યાપીઠના બધા વિભાગો દ્વારા અવનવી વાનગીઓ બનાવવામાં આવે છે અને એ મેળામાં મૂકવામાં આવે છે. વિદ્યાપીઠ પરિવારના સભ્યો પોતાની સ્વાદરુચિ અનુસાર એ મેળાની અવનવી વાનગીઓ ગ્રહણ કરતા હોય છે. આનંદ અને ઉલ્લાસનો માહોલ હોય છે. આ. કુલપતિશ્રી હર્ષદભાઈએ એમાં એક નવો આયામ પણ દાખલ કર્યો, કળા પ્રસ્તુતિ. મેળાનો પ્રારંભ થાય એ પહેલા વિવિધ કલાકારો દ્વારા સંગીત અને નૃત્યની પ્રસ્તુતિ થતી હોય છે. એટલે જ દર વર્ષે કસ્તૂરબા પરિવાર મેળાની પ્રતીક્ષા રહેતી હોય છે.

ફેબ્રુઆરીના આ અંકમાં છત્રપતિ શિવાજીને યાદ કરવામાં આવ્યા છે. ઇતિહાસના વિદ્યાર્થીઓએ શિવાજીના સાહસ અને કાર્યોને યોગ્ય રીતે બિરદાવ્યા છે. ફેબ્રુઆરી મહિનો એટલે અંદાજપત્રનો મહિનો. પ્રા. નિમિષા શુક્લે અંદાજપત્રની ખાસિયતો સાવ સરળ શબ્દોમાં મૂકી આપી છે. આપણા પડોશી દેશ બાંગ્લાદેશની સાંપ્રત પરિસ્થિતિનો ચિતાર પણ ઇતિહાસના બે વિદ્યાર્થીઓએ આપ્યો છે. વિદ્યાર્થીમિત્રો, 'સાબરમતી'માં નિયમિત લખતા થાય, જુદીજુદી ઘટનાઓ વિશે એમના વિચારો વ્યક્ત કરે એ અપેક્ષા સહેજે રહે છે. સમાજશાસ્ત્રના અધ્યાપક કરણસિંહ પરમારે સુરેશ જોષીની લઘુનવલ 'વિદુલા'નું એમની રીતે પૃથક્કરણ કર્યું છે, એ પણ નોંધનીય બાબત છે. ઇતિહાસના અધ્યાપક વિક્રમસિંહ અમરાવતે પણ સરળ શબ્દોમાં ઇતિહાસ અને અતીત સંજ્ઞાઓ અને એની વચ્ચે રહેલા ભેદને તારવવાનો પ્રયાસ કર્યો છે. ટૂંકમાં આ અંકમાં ઇતિહાસ વિષયક સામગ્રીઓનું પ્રાધાન્ય જોવા મળશે.

ફેબ્રુઆરીની સાથે જ ફાગણનું આગમન થયું છે. ફાગણ આવે અને પ્રકૃતિ એના જુદા જુદાં રૂપો ખિલવે છે અને માર્ચમાં એનો વિશેષ અનુભવ થતો હોય છે. માર્ચમાં ફાગણ વિશે વધુ વાતો કરીશું પણ હમણાં તો એટલું કહીએ કે –

'ફાગણ ફોરમતો આયો રે, ફાગણ ફોરમતો આયો'

# છત્રપતિ શિવાજી મહારાજ: ઐતિહાસિક પરિચય અને ઇતિહાસલેખન



-દર્શન મકવાણા અને સુમિત મકવાણા

ભારતીય ઉપખંડના મધ્યકાલીન ઇતિહાસમાં છત્રપતિ શિવાજી મહારાજ (1630-1680) એક વિરલ, યુગપ્રવર્તક અને રાષ્ટ્રનિર્માતા શાસક તરીકે સ્થાપિત થયા છે. તેમનો જન્મ 19 ફેબ્રુઆરી, 1630ના રોજ મહારાષ્ટ્રના શિવનેરી કિલ્લામાં શાહજી ભોંસલે અને જીજાબાઈના પુત્ર તરીકે થયો હતો. બાળપણથી જ તેમને સ્વરાજ્ય અને સ્વાભિમાનનાં મૂલ્યો મળ્યાં હતાં. માત્ર 16 વર્ષની ઉંમરે તોરણા કિલ્લો જીતી તેમણે મરાઠા સત્તાના વિસ્તરણની શરૂઆત કરી. આ વિજય માત્ર એક કિલ્લાની જીત ન હતી, પરંતુ આદિલશાહી, કુતુબશાહી અને મુઘલ સામ્રાજ્ય જેવી શક્તિશાળી સત્તાઓ સામે સ્થાનિક સ્વતંત્રતાના સંઘર્ષનો આરંભ હતો. 6 જૂન 1674ના રોજ રાયગઢ કિલ્લામાં તેમના રાજ્યાભિષેક સાથે 'હિન્દવી સ્વરાજ્ય'ની સ્થાપના સત્તાવાર રીતે થઈ.

### ઇતિહાસલેખનનું પરિપ્રેક્ષ્ય

શિવાજી મહારાજનું ઐતિહાસિક મૂલ્યાંકન સમય સાથે બદલાતું રહ્યું છે. ઇતિહાસલેખન માત્ર ભૂતકાળના તથ્યોનું વર્ણન નથી, પરંતુ તે ઇતિહાસકારોના સામાજિક, રાજકીય અને વૈચારિક દૃષ્ટિકોણનું પ્રતિબિંબ છે. બ્રિટિશ સામ્રાજ્યવાદી ઇતિહાસકારોએ તેમને બળવાખોર અથવા લૂંટારા તરીકે દર્શાવવાનો પ્રયત્ન કર્યો, જ્યારે ભારતીય રાષ્ટ્રવાદી ઇતિહાસકારોએ તેમને રાષ્ટ્રીય નાયક અને સ્વતંત્રતાના પ્રણેતા તરીકે સ્થાપિત કર્યા. આધુનિક અને માર્ક્સવાદી ઇતિહાસકારોએ તેમને એક બિનસાંપ્રદાયિક, લોકકેન્દ્રિત અને કુશળ શાસક તરીકે વિશ્લેષિત કર્યા.

### સામ્રાજ્યવાદી ઇતિહાસલેખન

બ્રિટિશ ઇતિહાસકાર જેમ્સ ગ્રાન્ટ ડફે 1826માં પોતાના ગ્રંથ History of the Mahrattasમાં મરાઠા ઇતિહાસનું પ્રથમ વિસ્તૃત વર્ણન કર્યું. તેમણે મુખ્યત્વે મુઘલ અને બખર સ્રોતો પર આધાર રાખ્યો, જેના કારણે તેમના લખાણમાં પૂર્વગ્રહ જોવા મળે છે. તેમણે અફઝલ ખાનની ઘટના અને સુરત પરના આક્રમણોને કપટ અને લૂંટ તરીકે દર્શાવ્યા. જોકે, તેમણે સ્વીકાર્યું કે શિવાજી મહારાજે પ્રાપ્ત સંપત્તિનો ઉપયોગ રાજ્ય અને જનકલ્યાણ માટે કર્યો.

વીસમી સદીમાં બ્રિટિશ ઇતિહાસકાર ડેનિસ કિનકેડએ પોતાના ગ્રંથ The Grand Rebel માં શિવાજીને એક મહાન લશ્કરી નેતા અને દૃષ્ટિવાન શાસક તરીકે રજૂ કર્યા. તેમણે તેમની તુલના ઓલિવર ક્રોમવેલ સાથે કરી અને જણાવ્યું કે શિવાજી મહારાજ વધુ માનવતાવાદી હતા, કારણ કે તેમણે યુદ્ધ દરમિયાન સ્ત્રીઓ અને ધાર્મિક સ્થળોને નુકસાન પહોંચાડ્યું ન હતું.

### રાષ્ટ્રવાદી ઇતિહાસલેખન

ભારતીય રાષ્ટ્રવાદી ઇતિહાસકારોએ શિવાજી મહારાજને સ્વરાજ્ય અને સ્વતંત્રતાના પ્રતીક તરીકે રજૂ કર્યા. મહાન ઇતિહાસકાર સર જદુનાથ સરકારે પોતાના ગ્રંથ Shivaji and His Timesમાં પર્શિયન, મરાઠી, અંગ્રેજી અને ડચ સ્રોતોના આધારે વૈજ્ઞાનિક અભ્યાસ રજૂ કર્યો. તેમણે શિવાજીને નૈતિક, પ્રજાવત્સલ અને કુશળ શાસક તરીકે વર્ણવ્યા. તેમ છતાં તેમણે મરાઠા રાજ્યને 'યુદ્ધ આધારિત રાજ્ય' તરીકે વ્યાખ્યાયિત કર્યું, કારણ કે તેનો વિસ્તાર

સતત લશ્કરી અભિયાનો પર આધારિત હતો. બીજા મહાન ઇતિહાસકાર જી. એસ. સરદેસાઈએ પોતાના ગ્રંથ New History of the Marathasમાં શિવાજી મહારાજનું રાષ્ટ્રવાદી દૃષ્ટિકોણથી સમર્થન કર્યું. તેમણે સુરત પરના આક્રમણોને લૂંટ નહીં પરંતુ મુઘલ આર્થિક શક્તિ સામેની વ્યૂહાત્મક કાર્યવાહી તરીકે રજૂ કરી.

## ધાર્મિક નીતિ અંગે વિવાદ

શિવાજી મહારાજની ધાર્મિક નીતિ અંગે ઇતિહાસકારોમાં મતભેદ છે. કેટલાક તેમને 'હિન્દુ ધર્મના રક્ષક' તરીકે જુએ છે, જ્યારે અન્ય તેમને બિનસાંપ્રદાયિક શાસક તરીકે માને છે.

માર્ક્સવાદી વિચારક ગોવિંદ પાનસરેએ પોતાના પુસ્તકમાં દલીલ કરી કે શિવાજી મહારાજનો સંઘર્ષ કોઈ ધર્મ સામે નહીં, પરંતુ શોષણકારી સત્તાઓ સામે હતો. તેમણે નોંધ્યું કે શિવાજીના સૈન્ય અને વહીવટમાં મુસ્લિમ અધિકારીઓ જેમ કે કાઝી હૈદર, નૂર ખાન બેગ અને દરિયા સારંગ મહત્ત્વપૂર્ણ પદ પર હતા. મુઘલ સમ્રાટ ઔરંગઝેબને લખેલા તેમના પત્રમાં શિવાજી મહારાજે ધાર્મિક સહિષ્ણુતાનો ઉલ્લેખ કર્યો અને જઝિયા કરનો વિરોધ કર્યો. તેમણે પોતાના સૈનિકોને મસ્જિદો અને કુરાનનો સન્માન કરવાનો કડક આદેશ આપ્યો હતો. આથી સ્પષ્ટ થાય છે કે તેમનું શાસન ન્યાય અને સમાનતાના સિદ્ધાંતો પર આધારિત હતું.

## વહીવટી અને સંસ્થાકીય વ્યવસ્થા

શિવાજી મહારાજની સૌથી મોટી સિદ્ધિ તેમની સુવ્યવસ્થિત વહીવટી વ્યવસ્થા હતી. તેમણે 'અષ્ટપ્રધાન મંડળ' નામની મંત્રિપરિષદ રચી, જેમાં આઠ મંત્રીઓ રાજ્યના વિવિધ વિભાગો સંભાળતા હતા. આ વ્યવસ્થા યોગ્યતા આધારિત હતી અને વંશપરંપરાગત ન હતી. મહેસૂલ વ્યવસ્થામાં તેમણે જમીનની માપણી કરીને કર નક્કી કર્યો અને વચેટિયાઓની સત્તા ઘટાડીને સીધો ખેડૂત સાથે સંપર્ક સ્થાપિત કર્યો. આથી ખેડૂતોનું શોષણ ઓછું થયું અને રાજ્યની આવક વધી.

## લશ્કરી વ્યૂહરચના અને નૌકાદળ

શિવાજી મહારાજ એક મહાન લશ્કરી વ્યૂહકાર હતા. તેમણે 'ગનિમી કાવા' (ગોરિલા યુદ્ધ) પદ્ધતિનો ઉપયોગ કરીને શક્તિશાળી મુઘલ સેનાને પડકારી હતી. સહ્યાદ્રિ પર્વતો અને કિલ્લાઓ તેમની રક્ષણ વ્યવસ્થાનો આધાર હતા. તેમણે ભારતીય ઇતિહાસમાં પ્રથમ વખત મજબૂત નૌકાદળ ઊભું કર્યું. સિંધુદુર્ગ અને વિજયદુર્ગ જેવા દરિયાઈ કિલ્લાઓ બનાવી તેમણે પોર્ટુગીઝ અને અંગ્રેજો સામે દરિયાઈ સુરક્ષા મજબૂત કરી.

## આધુનિક ઇતિહાસલેખન અને સંશોધન

આધુનિક ઇતિહાસકારોએ વધુ વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો છે. ઇતિહાસકાર વૈભવ પુરંદરેએ પોતાના પુસ્તકમાં મરાઠી સ્રોતોના મહત્ત્વ પર ભાર મૂક્યો અને ઘણી લોકપ્રિય દંતકથાઓને પડકારી. અમેરિકન ઇતિહાસકાર જેમ્સ લેનના ગ્રંથ Shivaji: Hindu King in Islamic Indiaએ શિવાજી મહારાજ અંગે સાંસ્કૃતિક અને રાજકીય ચર્ચા ઊભી કરી. ઇતિહાસકાર સ્ટુઅર્ટ ગોર્ડને પોતાના ગ્રંથ The Marathas 1600-1818માં મરાઠા રાજ્યની સંસ્થાકીય રચના અને આર્થિક વ્યવસ્થાનો ઊંડો અભ્યાસ કર્યો. તેમણે શિવાજીને માત્ર યુદ્ધવીર નહીં પરંતુ રાજ્યનિર્માતા તરીકે રજૂ કર્યા.

## ગુજરાતી સાહિત્યમાં શિવાજી મહારાજનું પ્રતિબિંબ

છત્રપતિ શિવાજી મહારાજના ઐતિહાસિક કાર્યો અને તેમના આદર્શોનો વ્યાપક પ્રભાવ માત્ર મહારાષ્ટ્ર પૂરતો સીમિત ન હતો. ભારતના અન્ય પ્રદેશો, ખાસ કરીને ગુજરાતી સાહિત્ય અને ઇતિહાસલેખનમાં પણ તેમનો પ્રેરણાદાયક પ્રભાવ જોવા મળે છે.


સુધારક યુગના ગુજરાતી કવિ નાનાલાલ દલપતરામ કવિએ શિવાજી મહારાજની ત્રિશતાબ્દી નિમિત્તે એક અત્યંત પ્રેરણાદાયક, લાંબી અને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ લખી હતી. નાનાલાલ કવિએ શિવાજી મહારાજને ૧૭મી સદીના સનાતન પુનરુત્થાનના એક મહાન નાયક અને


ઔરંગઝેબના કટ્ટરપંથી આક્રમણો સામે દખ્ખણમાં એકલે હાથે ઊભા રહેલા શૂરવીર શાસક તરીકે બિરદાવ્યા હતા. કવિ નાનાલાલે અત્યંત ભાવનાત્મક રીતે નોંધ્યું હતું કે શિવાજી મહારાજના પરિવાર ભોંસલે કુળનું મૂળ ગુજરાતના કોઈ પવિત્ર યાત્રાધામ સાથે ઐતિહાસિક રીતે જોડાયેલું હોવાનું માનવામાં આવે છે, જે ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને ઉજાગર કરે છે.

આ ઉપરાંત, ગુજરાતના રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના વિપુલ લોકસાહિત્ય પર શિવાજી મહારાજના શૌર્યના આદર્શોની આડકતરી પરંતુ ઊંડી અસર જોઈ શકાય છે. મેઘાણીએ 'સૌરાષ્ટ્રની રસધાર' અને 'સોરઠી બહારવટિયા' જેવા ઉત્કૃષ્ટ ગ્રંથોમાં અન્યાય સામે લડતા, નૈતિકતા જાળવતા અને સ્ત્રીઓનું સન્માન કરતા જે સ્થાનિક નાયકો  અને બહારવટિયાઓનું વર્ણન કર્યું છે, તે શિવાજી મહારાજની ગોરિલા યુદ્ધપદ્ધતિ અને તેમની કડક નૈતિક આચારસંહિતા સાથે અત્યંત મળતું આવે છે. મેઘાણી સ્પષ્ટપણે માનતા હતા કે રાષ્ટ્રને એક કરવા માટે અને લોકોમાં આત્મસન્માન જગાડવા માટે આવા શૌર્યપૂર્ણ અને લોકકેન્દ્રિત ઇતિહાસનું જતન જરૂરી છે, જે લક્ષણ શિવાજી મહારાજના સમગ્ર જીવનકાર્યનો સાર હતો.

**નિષ્કર્ષ**

છત્રપતિ શિવાજી મહારાજનું ઇતિહાસલેખન વિવિધ દૃષ્ટિકોણોથી વિકસ્યું છે. સામ્રાજ્યવાદી ઇતિહાસકારોએ તેમને બળવાખોર તરીકે દર્શાવ્યા, જ્યારે રાષ્ટ્રવાદી ઇતિહાસકારોએ તેમને સ્વરાજ્યના પ્રણેતા તરીકે સ્થાપિત કર્યા. આધુનિક ઇતિહાસકારોએ તેમને એક વ્યવહારુ, બિનસાંપ્રદાયિક અને લોકકેન્દ્રિત શાસક તરીકે રજૂ કર્યા. શિવાજી મહારાજ માત્ર એક મહાન યોદ્ધા જ નહોતા, પરંતુ એક કુશળ પ્રશાસક, દૃષ્ટિવાન રાજનેતા અને જનકલ્યાણકારી શાસક હતા. તેમની વહીવટી વ્યવસ્થા, લશ્કરી વ્યૂહરચના અને ધાર્મિક સહિષ્ણુતા આધુનિક ભારત માટે પણ પ્રેરણાદાયક છે. તેમનો વારસો દર્શાવે છે કે સ્વરાજ્ય, ન્યાય, સમાનતા અને પ્રજાકલ્યાણ પર આધારિત રાજ્યની સ્થાપના શક્ય છે. આથી, શિવાજી મહારાજનું જીવન અને ઇતિહાસ માત્ર ભૂતકાળનો અભ્યાસ નથી, પરંતુ તે ભારતના રાષ્ટ્રનિર્માણ અને લોકશાહી મૂલ્યો માટે શાશ્વત પ્રેરણાસ્રોત છે.





કેન્દ્રીય અંદાજપત્ર 2026-27
ભારત સરકાર
વિકસિત ભારતની દિશા
-ડૉ. નિમિષા શુક્લ
A ખેડૂતો અને ગ્રામીણ વિકાસ
પાક વીમા, direct benefit transfer
પાક વીમા, ન્યૂનતમ ટેકાના ભાવ, કિસાન ક્રેડિટ કાર્ડ
B શિક્ષણ અને કૌશલ્ય
PM SHRI
Skill training AI, data
AI Training
C આરોગ્ય અને સુખાકારી
Ayushman Bharat
પ્રાથમિક આરોગ્ય દેન્દ્ર, ઓક્સિજન પ્લાન્ટ્સ
D માળખાકીય સુવિધા અને ઉદ્યોગ
PM ગતિ શક્તિ, ગ્રીન ક્રેડિટ, MSME પ્રોત્સાહન
Smart Cities
CLEAN ENERGY
CLEAN WATEB
આર્થિક સુધારા
રોજગાર, આત્મનિર્ભરતા, ટેકનોલોજી

રાષ્ટ્ર માટે વાર્ષિક અંદાજપત્રક નાણાકીય હિસાબી દસ્તાવેજ ઉપરાંત સરકારની આગામી વર્ષની આર્થિક ને સામાજિક પ્રક્રિયાનું પ્રતિબિંબ બની રહે છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં અંદાજપત્રક વિકાસની વ્યૂહરચના નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ છે. વસ્તી, યુવાનોની રોજગાર જરૂરિયાત, શહેરીકરણ, પર્યાવરણીય પડકારો અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે સરકારને વૃદ્ધિ અને ટકાઉપણા વચ્ચે સમતોલન જરૂરી બને છે.

નાણાકીય વર્ષ 2026-27 માટેનું કેન્દ્રીય અંદાજપત્રક આ સંદર્ભમાં મહત્ત્વ ધરાવે છે. અંદાજપત્રકમાં માળખાગત વિકાસ, આધુનિક ટેકનોલોજી, ઉત્પાદનક્ષેત્ર, સૂક્ષ્મ અને મધ્યમ કદનાં સાહસો માટે સહાય, સામાજિક કલ્યાણ અને હરિત ઊર્જા જેવાં ક્ષેત્રોમાં નોંધપાત્ર ફાળવણી કરવામાં આવી છે. આ પહેલ દેશને વિકસિત અર્થતંત્ર તરફ દોરી જવાની દિશામાં સકારાત્મક પગલાં તરીકે જોવાઈ શકે છે. તેમ છતાં, આ નીતિઓની અસરકારકતા, સમાન લાભવિતરણ અને અમલીકરણ અંગે તટસ્થ મૂલ્યાંકન આવશ્યક છે.

## કૃષિ, ગ્રામવિકાસ અને ગરીબીનિવારણ

| ક્રમ | બાબત | ટકાવારી | ₹ કરોડ |
|---|---|---|---|
| 1 | કૃષિ અને આનુષાંગિક પ્રવૃત્તિ | 3.0 | 1,62,000 |
| 2 | ગ્રામવિકાસ અને આજીવિકા યોજના | 3.7 | 1,97,000 |
| 3 | કુલ ફાળવણી | 6.7 | 3,59,000 |

સ્રોત: કેન્દ્રીય અંદાજપત્રક, 2026-27

કૃષિ અને અન્ય પ્રવૃત્તિમાં કૃષિઆવક વધારવાના પ્રયાસો, કૃષિ ઉત્પાદકતા સુધારણા, ઉચ્ચ મૂલ્યવાળા પાકો (નાળિયેર, કાજુ, ચંદન વગેરે), પશુપાલન, મરઘા=બટાકા ઉછેર, માછીમારી જેવી પ્રવૃત્તિઓ અને ટેક્નોલોજી આધારિત ખેતીનો સમાવેશ થાય છે. ગ્રામવિકાસ અને જીવનનિર્વાહ યોજનામાં રોજગાર યોજનાઓ આવક સહાય, ગ્રામ આંતરમાળખા (રસ્તા, ઘર, પાણી, સેવાઓ), જીવનનિર્વાહ અને સામાજિક સુરક્ષા જેવી બાબતો માટે નાણાકીય સહાયની ફાળવણી કરવામાં આવી છે.

આમ, અંદાજપત્રકમાં સરકાર પ્રત્યક્ષ યોજનાના સ્થાને આવક અને રોજગાર સર્જન દ્વારા ગરીબી ઘટાડવાનો પ્રયાસ કર્યો છે

## માળખાગત મૂડીરોકાણ અને આર્થિક વૃદ્ધિ

અંદાજપત્રકમાં મૂડી ખર્ચને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. રસ્તા, રેલ, બંદર અને ઔદ્યોગિક માર્ગ જેવા વાહનવ્યહવારનાં સાધનો પર ભાર મૂકવામાં આવ્યો છે. મૂડીરોકાણને 'ગુણક અસર' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે તેની અસર ટૂંકા તેમજ લાંબા ગાળે ઉત્પાદનક્ષમતા વધારવામાં પડે છે.

વિવિધ યોજના જેમ કે રાષ્ટ્રીય રાજમાર્ગ નિર્માણ, રાજ્ય અને ગ્રામ જોડાણ સુધારણા, ઝડપી અને સુરક્ષિત પરિવહન: નવી રેલ લાઇનો, વીજળીકરણ, સેતુ વિકાસ, માલવહન સુવિધા વધારો: શહેરી અને જળ આંતરમાળખું, આવાસવ્યવસ્થા, ગટર અને સફાઈ: પીવાનું પાણી' શહેરી વિકાસ યોજના પાછળ ફાળવાયેલા ₹12.2 લાખ કરોડ (કુલ ખર્ચના 22.8 ટકા) મૂડીરોકાણને કારણે આર્થિક વૃદ્ધિ, રોજગારી, ઉદ્યોગ અને વેપારમાં સરળતા, દ્વિતીય અને તૃતીય સ્તરનાં શહેરોનો વિકાસ, ટકાઉ રોકાણક્ષમતાને પ્રોત્સાહન મળી શકે તેવો ઉદ્દેશ્ય છે. એક સાદા ઉદાહરણથી સમજીએ. ગ્રામીણ વિસ્તારોમાં માર્ગ સુવિધા વધવાથી ખેડૂત સહેલાઈથી બજાર સુધી પહોંચી શકે છે, જે તેની આવકમાં વધારો કરે છે. રેલ અને વખાર વ્યવસ્થાપન સુધારવાથી ઉદ્યોગોનાં પરિવહન ખર્ચમાં ઘટાડો થતા ખાનગી મૂડીરોકાણને પણ પ્રોત્સાહન મળે છે.

અલબત્ત, ભારતીય પરિસ્થિતિમાં માળખાગત પ્રોજેક્ટોના સફળ અમલીકરણમાં વિલંબ અને ખર્ચ વધારાની સમસ્યાનો ઉકેલ આવશ્યક છે. જમીન સંપાદન, પર્યાવરણીય મંજૂરી અને વહીવટી પ્રક્રિયાને કારણે પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થતા નથી. પરિણામે, ફાળવણીમાં વધારા ઉપરાંત તેનું કાર્યક્ષમ અમલીકરણ મહત્ત્વનું છે.

## ટેકનોલોજિકલ વિકાસ અને ઔદ્યોગિકીકરણ

અંદાજપત્રકમાં સેમિકન્ડક્ટર, ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન, બાયોટેક્નોલોજી અને ઊર્જામાં નવીનીકરણ જેવાં ક્ષેત્રોને પ્રોત્સાહન અંગેનું આયોજન ભવિષ્યલક્ષી કહી શકાય. વૈશ્વિક અર્થવ્યવસ્થામાં આ ક્ષેત્રો ઝડપથી વિકસી રહ્યાં છે. પરિણામે સ્વાવલંબન અને ટેકનોલોજિકલ ક્ષમતાના ઝડપી વિકાસ માટે આ પ્રોત્સાહન અનિવાર્ય બની રહે છે.

મૂડીપ્રધાન હોવાના કારણે રોજગારીનું સર્જન મર્યાદિત રહે છે. હજારો કરોડ રૂપિયાનું મૂડીરોકાણ કરવા છતાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ રોજગારીની નીચી તકોનું સર્જન કરે છે, અને તે પણ કૌશલ્ય ધરાવતા શ્રમ માટે. બીજી તરફ, કાપડ અથવા

ખાદ્યપ્રક્રિયા ઉદ્યોગો ઓછા મૂડીરોકાણમાં વધુ રોજગાર પૂરો પાડી શકે છે.આમ, વિકાસની વ્યૂહરચનામાં ઉચ્ચ ટેકનોલોજી સાથે શ્રમપ્રધાન ઉદ્યોગોને પણ યોગ્ય સ્થાન અપાવું જરૂરી છે.

### સૂક્ષ્મ અને મધ્યમ કદનાં સાહસ (MSME) ક્ષેત્રનું મહત્ત્વ અને પડકારો

સૂક્ષ્મ અને મધ્યમ કદનાં સાહસો રોજગાર અને સ્થાનિક આજીવિકા સર્જનમાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. અંદાજપત્રકમાં સૂક્ષ્મ અને મધ્યમ કદનાં સાહસો માટે નાણાકીય સહાય અને લોન સુવિધાઓ આપવામાં આવી છે. કુલ ખર્ચમાંથી પ્રત્યક્ષ ખર્ચ ₹24,566 કરોડ (0.68 ટકા) છે.

આ ક્ષેત્રમાં નાણાકીય સંસાધનોની અછત ઉપરાંત નિયમોની જટિલતા (ખાસ કરીને વસ્તુ અને સેવા પરના કર - GST), બજારની અછત, ટેકનોલોજીની મર્યાદા અને વિલંબિત ચૂકવણી જેવી સમસ્યાઓ ગંભીર છે. આ પાસાને પણ લક્ષમાં લેવું જરૂરી છે.

### માનવ સંસાધન વિકાસ

માનવ સંસાધન કોઈપણ દેશની સૌથી મોટી સંપત્તિ છે. મુખ્યત્વે શિક્ષણ અને આરોગ્ય પાછળ કરવામાં આવતો ખર્ચ દેશના લાંબા ગાળાના વિકાસમાં પાયાની ભૂમિકા ભજવે છે. આ બન્ને બાબતોને મૂલ્યક (merit) વસ્તુ કહેવામાં આવે છે.અંદાજપત્રક 2026-27માં કુલ ખર્ચના 2.60 ટકા (લગભગ ₹1,39,289.48 કરોડ) ઉચ્ચશિક્ષણ, સંશોધન અને ડિજિટલ શિક્ષણ માટે ફાળવવામાં આવ્યા છે આ પગલાં વૈશ્વિક સ્પર્ધાને ધ્યાનમાં રાખીને સમયોચિત છે.

બીજી તરફ આરોગ્યની સેવા માટેની ફાળવણી કુલ ખર્ચના 1.99 ટકા (₹1,06,530 કરોડ) છે. નવી આરોગ્ય સંસ્થાઓ અને તબીબી તાલીમ કેન્દ્રોની સ્થાપના આરોગ્ય સેવાની પહોંચ વધારશે. આવશ્યક દવાઓ પર રાહત પરિવારોને સહાયરૂપ છે. માનવ સંસાધન પાછળ કરવામાં આવતું નાણાકીય ખર્ચ આવશ્યક શરત છે, પરંતુ પર્યાપ્ત નથી. નાણાકીય સંસાધનનો યોગ્ય ઉપયોગ અને યોજનાના સફળ અમલીકરણ માટેનું માળખું અગત્યનું છે.

### રોજગારની તકોનું સર્જન

ભારત જેવી યુવા વસ્તી ધરાવતા દેશમાં રોજગાર સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. અંદાજપત્રક 2026-27માં રોજગારી સર્જન માટે પ્રત્યક્ષ ફાળવણી 0.06-0.07 ટકા (₹35,000-₹38,000કરોડ) જેટલી છે. માળખાગત મૂડીરોકાણ અને ઉદ્યોગ વિકાસ રોજગાર સર્જે છે. ઉપરાંત રોજગારની તકો પરોક્ષ (indirect) જોગવાઈઓ દ્વારા પણ સર્જાય છે. આંતરમાળખા પાછળ થતું મૂડીરોકાણ એક ઉદાહરણ છે. વિવિધ ક્ષેત્રોના વિકાસ માટે થતા ખર્ચ વિવિધ શીર્ષકો હેઠળ આવરી લેવાતા હોવાથી તેઓ "રોજગાર સર્જન" તરીકે સીધા ગણાતા નથી, પરંતુ આ ક્ષેત્રો અર્થવ્યવસ્થામાં ગતિ લાવીને મોટા પ્રમાણમાં રોજગાર ઊભા કરવાની ક્ષમતા ધરાવે છે.

### પર્યાવરણ અને ટકાઉ વિકાસ

2026-27ના અંદાજપત્રકમાં થયેલી ફાળવણી અનુસાર પર્યાવરણ મંત્રાલયને અપાયેલા 0.007 ટકા, પુનઃ પ્રાપ્ય (renewable) ઊર્જામાં તે 0.62 ટકા અને ગ્રીન બોન્ડ્સ પાછળ (0.58 ટકા મળીને માત્ર ₹ 67,674.13 કરોડ (~1.2%), જેટલો હિસ્સો ટકાઉ વિકાસ અને પર્યાવરણલક્ષી ખર્ચ માટે ફાળવવામાં આવ્યો છે. હરિત ઊર્જા અને કાર્બન ઘટાડા માટેની પહેલ પ્રશંસનીય છે.

### નાણાકીય શિસ્ત અને વહીવટી જવાબદારી

વિત્તીય શિસ્ત જાળવવી અર્થતંત્રની સ્થિરતા માટે જરૂરી છે. નિયંત્રિત ખાધ અને જવાબદારી સાથે કરાયેલો ખર્ચ સરકારની વિશ્વસનીયતા વધારવાની સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે શાખમાં પણ વૃદ્ધિ કરે છે.

## નિષ્કર્ષ

કેન્દ્રીય અંદાજપત્રક 2026-27 વિકાસ માટે સકારાત્મક દિશા દર્શાવે છે. તેમાં માળખાગત વિકાસ, ટેકનોલોજી, ઉદ્યોગસાહસ અને સામાજિક કલ્યાણ માટે નોંધપાત્ર પહેલ કરવામાં આવી છે. તેમ છતાં, રોજગાર, પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય જેવાં ક્ષેત્રો અને તેના અમલીકરણ જેવા ક્ષેત્રોમાં વધુ હસ્તક્ષેપ જરૂરી છે. પ્રસ્તુત અંદાજપત્રકને અંતિમ ઉકેલ તરીકે નહીં. પરંતુ વિકસિત ભારત 2047ની સફળતા માટેનો માર્ગ ગણાવી શકાય.

# मानसून क्रांति से मतदान तक: बांग्लादेश चुनाव और दक्षिण एशियाई लोकतंत्र का भविष्य

मुकुंद परमार एवं करणसिंह बारड़
विद्यार्थी, एम.ए. (इतिहास, सत्र-4)

## प्रस्तावना:

दक्षिण एशिया का राजनीतिक परिदृश्य सदैव परिवर्तनशील रहा है। यहाँ लोकतंत्र केवल एक शासन प्रणाली नहीं, बल्कि संघर्ष, आंदोलन और जन-आकांक्षाओं का परिणाम है। इसी संदर्भ में बांग्लादेश के हालिया चुनावों को समझना आवश्यक हो जाता है। "मानसून क्रांति" जैसा रूपक इस पूरे राजनीतिक परिदृश्य को एक विशेष अर्थ प्रदान करता है। जिस प्रकार मानसून की वर्षा सूखी धरती को नई ऊर्जा देती है, उसी प्रकार जन-आंदोलन और चुनाव लोकतंत्र को पुनर्जीवित करने की क्षमता रखते हैं। किंतु कभी-कभी यही मानसून बाढ़ का रूप भी ले लेता है, जो स्थिरता को चुनौती देता है। बांग्लादेश ने अपने स्वतंत्रता संग्राम (1971) के बाद से लोकतंत्र, सैन्य हस्तक्षेप और राजनीतिक ध्रुवीकरण के कई चरण देखे हैं। वर्तमान राजनीतिक परिस्थिति में सत्ता और विपक्ष के बीच बढ़ता अविश्वास, चुनावी प्रक्रिया की पारदर्शिता पर उठते प्रश्न, तथा नागरिक स्वतंत्रताओं को लेकर अंतरराष्ट्रीय चिंताएँ—ये सभी संकेत करते हैं कि देश एक निर्णायक मोड़ पर खड़ा है। इस लेख में हम "मानसून क्रांति" के रूपक से लेकर हालिया चुनावी परिदृश्य तक की यात्रा का विश्लेषण करेंगे और यह समझने का प्रयास करेंगे कि बांग्लादेश की राजनीतिक दिशा दक्षिण एशियाई लोकतंत्र के भविष्य को किस प्रकार प्रभावित कर सकती है।

## शेख हसीना सरकार का शासन और उभरता जन-असंतोष: "मानसून क्रांति" की पृष्ठभूमि:

पिछले डेढ़ दशक से अधिक समय तक बांग्लादेश की राजनीति पर शेख हसीना और उनकी पार्टी "अवामी लीग" का प्रभुत्व बना रहा। इस अवधि में सरकार ने आर्थिक विकास, अवसंरचना निर्माण और सामाजिक संकेतकों में उल्लेखनीय प्रगति का दावा किया। बांग्लादेश ने वस्त्र उद्योग, निर्यात वृद्धि, महिला सशक्तिकरण और गरीबी उन्मूलन के क्षेत्रों में महत्वपूर्ण उपलब्धियाँ हासिल की। अंतरराष्ट्रीय स्तर पर देश को "उभरती अर्थव्यवस्था" के रूप में प्रस्तुत किया गया। किन्तु आर्थिक प्रगति के समानांतर राजनीतिक परिदृश्य में एक अलग प्रवृत्ति विकसित हुई। विपक्षी दलों, विशेषकर बांग्लादेश नेशनलिस्ट पार्टी, ने आरोप लगाया कि चुनावी प्रक्रिया क्रमशः असमान और नियंत्रित होती जा रही है। 2014 और 2018 के चुनावों में विपक्ष की सीमित या विवादित भागीदारी ने लोकतांत्रिक विश्वसनीयता पर प्रश्नचिह्न लगाए।

यहीं से "मानसून क्रांति" का रूपक प्रासंगिक हो जाता है। मानसून, जो सामान्यतः जीवनदायी वर्षा का प्रतीक है, कभी-कभी प्रचंड बाढ़ का रूप लेकर व्यवस्था को चुनौती देता है। उसी प्रकार, जनता के भीतर धीरे-धीरे जमा हो रहा असंतोष अचानक आंदोलनों और विरोध प्रदर्शनों के रूप में प्रकट होने लगा। युवाओं, विद्यार्थियों और नागरिक संगठनों ने पारदर्शी चुनाव, निष्पक्ष प्रशासन और नागरिक अधिकारों की माँग उठानी शुरू की सरकार की नीतियों के समर्थन और विरोध—दोनों के बीच तीखा ध्रुवीकरण देखने को मिला। आर्थिक चुनौतियाँ, महँगाई और बेरोज़गारी ने भी इस असंतोष को और गहरा किया। यही परिस्थिति "मानसून क्रांति" की पृष्ठभूमि बनी—एक ऐसा दौर जहाँ जनभावनाएँ परिवर्तन की वर्षा चाहती थीं, किंतु राजनीतिक वातावरण में अनिश्चितता और तनाव की आंधी भी साथ चल रही थी।

## जन-असंतोष से सत्ता परिवर्तन तक: अंतरिम सरकार और नए चुनाव की प्रक्रिया:

बढ़ते हुए जन-असंतोष ने अंततः बांग्लादेश की राजनीतिक स्थिरता को गहराई से प्रभावित किया। लगातार विरोध प्रदर्शनों, विपक्षी दलों के आंदोलन और अंतरराष्ट्रीय स्तर पर उठते प्रश्नों ने सरकार की वैधता को चुनौती दी। चुनावी पारदर्शिता, प्रशासनिक निष्पक्षता और नागरिक स्वतंत्रताओं के मुद्दे धीरे-धीरे केवल राजनीतिक बहस का विषय नहीं रहे, बल्कि सड़कों पर उतरने वाले व्यापक जनांदोलन का रूप लेने लगे। विपक्षी दलों ने यह आरोप लगाया कि सत्ता का केंद्रीकरण लोकतांत्रिक संतुलन को कमजोर कर रहा है। कई स्थानों पर प्रदर्शन और प्रशासनिक कार्रवाई के बीच टकराव की स्थिति बनी, जिससे राजनीतिक वातावरण और अधिक तनावपूर्ण हो गया। इस परिस्थिति में सरकार के सामने दो विकल्प थे—या तो कठोर प्रशासनिक नियंत्रण के माध्यम से स्थिति को संभाला जाए, या फिर राजनीतिक समाधान की दिशा में कदम बढ़ाया जाए। अंततः बढ़ते दबाव और अंतरराष्ट्रीय समुदाय की चिंताओं के कारण सत्ता परिवर्तन की प्रक्रिया शुरू हुई। शासन ने व्यापक सहमति बनाने और लोकतांत्रिक विश्वसनीयता बहाल करने के उद्देश्य से अंतरिम व्यवस्था की ओर कदम बढ़ाया।

## अंतरिम सरकार की स्थापना:

बांग्लादेश के राजनीतिक इतिहास में अंतरिम या देखरेख (caretaker) सरकार की परंपरा पहले भी रही है। इसका उद्देश्य यह सुनिश्चित करना होता है कि चुनाव निष्पक्ष और पारदर्शी वातावरण में संपन्न हों। बढ़ते असंतोष के बीच एक अंतरिम सरकार का गठन किया गया, जिसका प्रमुख लक्ष्य प्रशासनिक निष्पक्षता बनाए रखना और चुनावी प्रक्रिया को विश्वसनीय बनाना था। अंतरिम सरकार ने:

- चुनाव आयोग की भूमिका को सशक्त करने का प्रयास किया
- कानून-व्यवस्था की स्थिति को स्थिर करने पर बल दिया
- राजनीतिक दलों के बीच संवाद को प्रोत्साहित किया

किन्तु यहाँ एक महत्वपूर्ण प्रश्न उभरता है—क्या केवल अंतरिम सरकार और नए चुनाव लोकतांत्रिक विश्वास को पूर्णतः पुनर्स्थापित कर सकते हैं? या इसके लिए संस्थागत सुधार, मीडिया की स्वतंत्रता






और न्यायपालिका की स्वायत्तता जैसे व्यापक ढांचागत परिवर्तनों की आवश्यकता है? यही प्रश्न बांग्लादेश को दक्षिण एशियाई लोकतंत्र के व्यापक परिप्रेक्ष्य में रखता है।

### नए चुनाव का परिणाम और दक्षिण एशियाई लोकतंत्र पर उसका प्रभाव:

अंतरिम सरकार की देखरेख में संपन्न हुए नए चुनाव बांग्लादेश की राजनीतिक स्थिरता के लिए अत्यंत महत्वपूर्ण साबित हुए। चुनाव परिणामों में मुख्य मुकाबला एक बार फिर अवामी लीग और बांग्लादेश नेशनलिस्ट पार्टी के बीच रहा। परिणामस्वरूप अवामी लीग को बहुमत प्राप्त हुआ और उसने सरकार गठन का दावा प्रस्तुत किया। मतदान प्रतिशत मध्यम स्तर का रहा, जो यह संकेत देता है कि राजनीतिक अस्थिरता के बावजूद जनता ने चुनावी प्रक्रिया में भागीदारी दिखाई।

### दक्षिण एशिया की लोकतांत्रिक संरचना पर प्रभाव:

बांग्लादेश के इस चुनाव का प्रभाव उसके सीमित राष्ट्रीय दायरे से कहीं अधिक व्यापक है। दक्षिण एशिया के अन्य लोकतंत्र-जैसे भारत, पाकिस्तान, श्रीलंका और नेपाल-भी राजनीतिक ध्रुवीकरण, संस्थागत संतुलन और चुनावी पारदर्शिता जैसी चुनौतियों का सामना कर रहे हैं। बांग्लादेश के चुनाव ने तीन प्रमुख संकेत दिए:

- अंतरिम व्यवस्था की भूमिका – यदि राजनीतिक अविश्वास गहरा हो, तो अस्थायी तटस्थ व्यवस्था चुनावी विश्वसनीयता बहाल करने में सहायक हो सकती है।
- लोकतांत्रिक संस्थाओं की मजबूती – केवल चुनाव परिणाम पर्याप्त नहीं; चुनाव आयोग, न्यायपालिका और मीडिया की स्वतंत्रता लोकतंत्र की दीर्घकालिक स्थिरता के लिए आवश्यक है।
- राजनीतिक संवाद की आवश्यकता – सत्ता और विपक्ष के बीच निरंतर टकराव लोकतंत्र को कमजोर करता है; संवाद और सहमति की संस्कृति ही स्थायी समाधान प्रदान कर सकती है।

इस प्रकार, नए चुनाव का परिणाम भले ही एक दल के पक्ष में गया हो, किंतु इसका व्यापक संदेश यह है कि दक्षिण एशिया में लोकतंत्र अब केवल सत्ता परिवर्तन की प्रक्रिया नहीं, बल्कि संस्थागत विश्वसनीयता और जनविश्वास की परीक्षा बन चुका है।

### "मानसून क्रांति" का भारत पर प्रभाव:

बांग्लादेश में उभरी राजनीतिक अस्थिरता और उसके परिणामस्वरूप हुए सत्ता परिवर्तन को प्रतीकात्मक रूप से "मानसून क्रांति" कहा जा सकता है—एक ऐसा दौर जिसमें जन-असंतोष ने संगठित राजनीतिक दबाव का रूप लिया और शासन-व्यवस्था को पुनर्विचार के लिए बाध्य किया। इस प्रक्रिया का प्रभाव केवल बांग्लादेश तक सीमित नहीं रहा, बल्कि इसके पड़ोसी देशों, विशेषकर भारत पर भी विचारात्मक और राजनीतिक स्तर पर पड़ा। भारत और बांग्लादेश के संबंध ऐतिहासिक, सांस्कृतिक और रणनीतिक दृष्टि से गहरे रहे हैं। बांग्लादेश में किसी भी प्रकार की राजनीतिक अस्थिरता का सीधा प्रभाव भारत के पूर्वोत्तर राज्यों, सीमा सुरक्षा, व्यापार और क्षेत्रीय सहयोग पर पड़ सकता है। भारत में पहले से ही चुनावी पारदर्शिता, संघीय संतुलन और नागरिक अधिकारों जैसे मुद्दों पर बहस जारी रहती है। बांग्लादेश की घटनाओं ने इन बहसों को और प्रासंगिक बना दिया। विशेषकर युवा वर्ग और छात्र संगठनों के बीच यह विमर्श उभरा कि लोकतंत्र केवल विकास या आर्थिक प्रगति से परिभाषित नहीं होता, बल्कि संस्थागत उत्तरदायित्व और स्वतंत्र अभिव्यक्ति से भी निर्धारित होता है। साथ ही, भारत की विदेश नीति के लिए भी यह एक परीक्षण की स्थिति थी—क्या वह क्षेत्रीय स्थिरता को प्राथमिकता देगा या लोकतांत्रिक मूल्यों पर स्पष्ट रुख अपनाएगा?

## निष्कर्ष

"मानसून क्रांति से मतदान तक" की पूरी प्रक्रिया यह स्पष्ट करती है कि लोकतंत्र केवल एक संवैधानिक व्यवस्था नहीं, बल्कि जनविश्वास, संस्थागत संतुलन और राजनीतिक उत्तरदायित्व का जीवंत तंत्र है। बांग्लादेश में उभरे जन-असंतोष, सत्ता परिवर्तन और पुनः चुनाव की प्रक्रिया ने यह दर्शाया कि जब शासन और जनता के बीच दूरी बढ़ती है, तो राजनीतिक स्थिरता कमजोर हो जाती है। किंतु यदि लोकतांत्रिक ढाँचे में सुधार और पारदर्शिता के प्रयास किए जाएँ, तो वही संकट पुनर्निर्माण का अवसर भी बन सकता है। नए चुनावों ने यह संकेत दिया कि लोकतंत्र की विश्वसनीयता केवल परिणाम से नहीं, बल्कि प्रक्रिया से तय होती है। दक्षिण एशिया के व्यापक परिप्रेक्ष्य में यह अनुभव एक महत्वपूर्ण संदेश देता है।

अंततः, "मानसून क्रांति" का रूपक यह संकेत देता है कि परिवर्तन अपरिहार्य है। यदि शासन व्यवस्था समय पर सुधार और संवाद को अपनाती है, तो परिवर्तन विकास का माध्यम बन सकता है; अन्यथा वही परिवर्तन अस्थिरता का कारण बन सकता है।

# વિદુલા



## સુરેશ જોષીની વિરલ વ્યક્તિત્વ ધરાવતી નાયિકા - વિદુલા

-ડૉ.કરણસિંહ મહેન્દ્રસિંહ પરમાર

વિદુલા વાર્તા સુરેશ જોષીને આધુનિકતાની હરોળમાં એકદમ મૂકી દે છે. આમ પણ સુરેશ જોષી પછીની નારીવાદી વાર્તાઓ પરંપરાગત નારીવાદમાંથી બહાર આવી શકી નથી. અને સ્ત્રી સંવેદનને તે બહુ સૂક્ષ્મ રીતે આલેખે છે. હંમેશા સ્ત્રી બિચારી રહેવા માટે કે અબળા રહેવા માટે નિર્માઈ નથી. એ એની શરત મુજબ પણ જીવન જીવી શકે છે. આ વાર્તામાં થયેલ નારી સંવેદનના નિરૂપણો કોઈ ઊહાપોહ માટે નથી, એને તો સંવેદના સાથે સંબંધ છે. તેથી જ અહીં પુરુષ સ્ત્રીના ભેદનો સવાલ ઊઠતો નથી. પણ સ્ત્રીને એક વ્યક્તિ તરીકે જોતો સર્જક એની તટસ્થતાઓને લઈને નારી સંવેદનની વધુ નિકટ જઈ શક્યો છે. એવું જણાય છે કે કદાચ એવું બને કે કોઈ લેખિકાએ આ પ્રકારના સંવેદનો વધારે સારી રીતે આલેખ્યા હોય પણ એમ બનવું તો સ્વાભાવિક પણ છે. એ વિસ્મય જગવે એવી વાત પણ નથી. પણ નારીની સ્વતંત્રતામાં બાધા ઉત્પન્ન કરી શકે એવા પુરુષ વર્ગમાંથી આવતો સર્જક એની કલાને લઈને નારીની સંવેદનાને કેવી સચ્ચાઈથી પ્રમાણી શક્યો છે એની આ વાર્તા શાખ પૂરે છે. વિદુલા એક એવી સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરે છે જે લાગણીઓ, સંવેદનાઓ અને સ્વપ્નોથી ભરપૂર છે. તે સમાજની બાંધછોડ અને પુરુષપ્રધાન માનસિકતા વચ્ચે પોતાની ઓળખ શોધવા પ્રયત્ન કરે છે.

આધુનિક વાર્તાકાર સુરેશ જોષીની વિરલ વ્યક્તિત્વ ધરાવતી વિદૂષી નાયિકા વિદુલાના સ્ત્રીત્વનાં બે પાસાં સામસામે મૂકીને તપાસવા જેવા બન્યા છે. વિદુલા વાર્તા વર્તમાનકાળ, ભૂતકાળ વર્તમાન એ રીતે ડિઝાઇનમાં ચાલે છે. તેમજ આ વાર્તામાં મુખ્યત્વે વિદુલા અને સૂર્યકાંત વચ્ચેનો સંવાદ એ વિશેષ રીતે મૂકવામાં આવ્યો છે. આમ જોવા જઈએ તો વિદુલા એ લઘુ કથા છે અને આ લઘુ કથાનો મુખ્ય હાર્દ એ છે કે આધુનિક સ્ત્રી કઈ રીતે રહે છે, પોતાની શરત મુજબ જીવવું અને પુરુષની મર્યાદાઓ જાણ્યા છતાંય તેને પણ સમાજના દાયરાથી અલિપ્ત રાખીને વ્યક્તિ તરીકે જોવાની દૃષ્ટિ, વિદુલા થકી અહીં સમગ્ર નારી જગતનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું છે.

વિદુલા સ્વતંત્ર મિજાજીને આધુનિક વિચારધારા ધરાવે છે. જે એના વર્તન થકી, સંવાદ થકી અને તેની સમજણ થકી અહીં બતાવવામાં આવ્યું છે. વિદુલા સાહિત્યની જાણકાર અને સમજનાર છે સાથેસાથે તે સંવેદના સભર છે સૂર્યકાંત ટાગોરની પંક્તિનો ઉલ્લેખ કરે છે. તે ઘટના તપાસવા જેવી છે " તે કેટલાય અજાણ્યાં ને ઓળખાવ્યા!' આ પંક્તિના સંવાદમાં વિદુલા જે મનુષ્ય જાત વિશે વાત રજૂ કરી છે તે વધુ ચોટદાર છે. તે જણાવે છે કે" કોઈ કઈ અજાણ્યું મટે છે ખરું? પૃથ્વીના બધા ખંડો મનુષ્યે શોધી કાઢ્યા છે, પણ મનુષ્યની અંદર હજુ કેટલાય ખંડો અગોચરમાં પડેલા છે! એકાએક કોઈક વાર લોહીના ધબકારમાં નવો વેગ આવે છે શિરાએ શિરા રણઝણી ઊઠે છે." આ સંવાદ પરથી મનુષ્ય પ્રત્યેની તેની ધારણા અને પોતે કલ્પેલ દંભી લોકોનું નિરૂપણ કરે છે. જે "લોકોએ ભીતરના બધાં દ્વાર વાસી દીધાં છે જે લોકો પોતાની જ બહાર આંગણામાં બેસી રહ્યા છે તેઓ શાસ્ત્રની વાત કરે છે સ્મૃતિઓ રચે છે અને અમારા જેવા પાગલ લોકો પર કડક શાસન ચલાવવા સદા તત્પર રહે છે."

વાર્તામાં વિદુલાના પતિ મિસ્ટર દલાલનો પ્રવેશ થાય છે. ત્યારે સૂર્યકાંત ભાઈ ત્યાં હાજર હોય છે .બહારથી સ્વચ્છ દેખાતા ચહેરામાં એમને અંદરની અસ્વસ્થતા જણાય છે. જ્યારે સૂર્યકાંત એ વિદુલાની ઘરે જાય છે ત્યારે એ વિદુલાની તસવીરમાં એક તરફ વિહવળતા જોવા મળે છે અને વિદુલાની ગમગીનીનું વર્ણન કરે છે. વિદુલાની પીઠના ઉઝરડા પતિ દ્વારા થયેલા અત્યાચારને બલ્કે અમાનુષીપણાને સૂર્યકાંતને બતાવતા નારી વિશેની જે માન્યતા છે તેના વિશે વિદુલા કેન્દ્ર બનીને વાત કરે છે. સુરેશ જોશી બરાબર વાસ્તવિક સ્વરૂપે અને આધુનિક ઢબે કલા દ્વારા રજૂ કરે છે. વિદુલા જણાવે છે કે "પુરુષ રહી રહીને ખાતરી કરી લેવાય ઈચ્છે છે કે સ્ત્રી અબળા જ છે કે નહીં, એ સબળા તો થઈ નથી ને ! પોતાની વિજય ગાથાના શિલાલેખ ને તામ્રપત્ર તો એ કોતરાવે જ છે પણ એના વિજય આલેખવાનું સૌથી સુગમ સાધન તો સ્ત્રીની પીઠ છે પણ ઇતિહાસમાં એની વાત આવતી નથી, ખરું ને ?" વિદુલા દ્વારા સમગ્ર સ્ત્રી જાતની પીડાનું વર્ણન અહી કરવામાં આવ્યું છે. વળી પાછી વાતથી બહાર નીકળવા માટે કહે છે, કે સ્ત્રીઓને મળી છે જન્મજાત સાધારણતા જે અસાધારણમાંથી બચવાનું છે. સ્વસ્થ થતા સ્ત્રીને જલ્દીથી આવડી જાય છે.

વિદુલાનું વિદુષી વ્યક્તિત્વ વારંવાર એના સંવાદમાં ઘૂંટાયા કરે છે અને મિત્ર સૂર્યકાંત પાસે પોતે પોતાના મનના ભાવોમાં બનેલી ઘટનાઓ જણાવતા કહે છે કે નબળો માણસ નબળાઈ ઢાંકવા વધારે પડતો જુલમી બને છે એના એ પ્રયત્નમાં કશુંક દયનીય રહ્યું હોય છે. પતિ પ્રત્યેનો અસંતોષ લેખક બહુ આધુનિક ઢબે આલેખે છે. એ પણ એક સ્ત્રી દ્વારા અને સ્ત્રીના મનોજગતને બરાબર જાણી, પ્રમાણીને. પતિ પ્રત્યેનો અસંતોષ એ અભિવ્યક્ત કરતા વિદુલાનું બીજું પાસું પછીથી પતિ પાસે ઠલવાતા આક્રોશમાં પણ વ્યક્ત થયું છે " જિંદગીમાં એકાદ વાર તો તમે છો તેની ખાતરી કરાવો કોઈ પોતાના પ્રેમના પ્રલયપુરમાં સ્ત્રીને સાવ ઓગાળી નાખે કોઈના પ્રતાપી વ્યક્તિત્વની આભામાં સ્ત્રી આખી ને આખી ભસ્મ થઈ જાય એ કેવો ધન્ય અનુભવ ને તમે ?" આ વાક્ય દ્વારા તે પતિની ઉઘાડો પાડે છે. પરંતુ એને કદી નીચો દેખાડતી નથી. જ્યારે મિસ્ટર દલાલ વારંવાર વિદૂલા પર વહેમના વાદળ રચ્યા કરે છે.

આ લઘુકથામાં પાછળથી પ્રવેશ થાય છે સુચેતા, જગદીપ અને પ્રોફેસર ભટ્ટ જેના દ્વારા જીવનની વર્ણનશૈલી રસપ્રદ રીતે આલેખવામાં આવી અને અદભૂત ફિલસૂફી આપોઆપ રજૂ થઈ જાય છે. તેમજ જીવનના વાળા ઢાળા ને યોગ્ય રીતે અને એકદમ આધુનિક થઈને આ પાત્રો એકબીજા સાથે ચર્ચા કરી રહ્યાં છે. ત્યાં ફક્ત વિદુલાનું પાત્ર જે આ લઘુકથાની મુખ્ય નાયિકા છે, એ જુદી જ તરી આવે છે અને બેધડક પોતાના મંતવ્યો રજૂ કરે છે. જે વર્તમાનમાં એકદમ સત્ય છે, સ્ત્રી પોતાના જીવનમાં દરેક સમજૂતી કરીને સાધારણ રીતે સ્વીકારે અને સ્વાભાવિક બનીને રહે, વિદુલાને તે મંજૂર નથી.

વિદુલા કૃત્રિમ રીતે પણ સ્વાભાવિક બનવા માંગતી નથી તેને જે યોગ્ય લાગ્યું છે તે તેણે કર્યું છે. અહીં સમાજમાં સ્ત્રીની વાસ્તવિક પરિસ્થિતિ તેમજ સહજ જીવનની પરિસ્થિતિમાં કઈ રીતે કોઈપણ ભાર વગર જીવનને પોતાની મરજીથી જોવું અને જીવવું તે મુખ્ય નાયિકા તેમજ વિરલ વ્યક્તિત્વ ધરાવતી નાયિકા વિદુલા દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું છે. વાર્તામાં સમાજ સીધો પાત્ર નથી, પરંતુ તેની માન્યતાઓ અને પરંપરાઓ વિદુલાને ઘેરી રાખે છે. સમાજ અહીં નિયમો, પરંપરા અને સ્ત્રી પર લાદવામાં આવતી મર્યાદાઓનું પ્રતીક છે.

પુરુષ પાસેથી પ્રેમની અભિવ્યક્તિની સ્ત્રીની માંગ જ નોખી છે. જે અહીં વિદુલાનો પતિ પૂર્ણ કરી શકતો નથી. તેનો અણગમો તેના જીવનમાં છે પરંતુ તે તેને હાવી થયો નથી એટલે પણ વિદુલા વિરલ વ્યક્તિત્વ ધરાવે છે કારણ કે તે જાણે છે કે આમ થવું પણ સ્વાભાવિક છે. પણ એ સ્વાભાવિકતામાં એ રહેવા માંગતી નથી. એ વિદુલાનું વિદુષીપણું સૂચવે છે. પોતાના મિત્ર સૂર્યકાંત સમક્ષ દિલ ખોલતા એક સમયના પોતાના વ્યક્તિત્વને ઉઘાડતાં એ કહે છે : " એક વખત હતો જ્યારે મનેય આવા જ સંસારની કલ્પના હતી.

સંયુક્ત કુટુંબમાં નાની વહુ થઈને જવાનું, મોઢું ઘૂંઘટમાં સંતાડી રાખવાનું, વર સાથે ચોરીછૂપીથી અણસારે વાત કરવાની, રાતે અનેક ખોટા ખોટા બહાના કાઢીને રીંસાવાનું પણ ...." પરંતુ તેના જીવનમાં એ ક્ષણો પોતે કરેલી પોતાના મધુર જીવન વિશેની કામનાઓ એ ક્ષણ પોતાના જીવનમાં કદી ના આવી. અને કશુંક જુદું જ બન્યું. પોતાને અભિવ્યક્ત કરતી વિદુલાનું બીજું પાસું પછીથી પતિ પાસે આક્રોશ ઠાલવતાં આ રીતે વ્યક્ત થયું છે, "જિંદગીમાં એકાદ વાર તો તમે છો તેની ખાતરી કરાવો. કોઈ પોતાના પ્રેમના પ્રલયપુરમાં સ્ત્રીને સાવ ઓગાળી નાખે કોઈના પ્રતાપી વ્યક્તિત્વની આભામાં સ્ત્રી આખી ને આખી ભસ્મ થઈ જાય એ કેવો ધન્ય અનુભવ ને તમે ? પેલી ઝેરી માખીનું ઝેર , સિંહના પંજાના તીક્ષ્ણ નહોર, કશું નથી તમારી પાસે ?" વિદુલાને એકબાજુ જીવનબાગને મહોરવા દેવાની આકાંક્ષા છે તો બીજી બાજુથી કોઈમાં ઓગળીને ભસ્મીભૂત થવાનીય માંગ છે અને તે કારણસર જ વિદુલા વિરલ અને વિદૂષી વ્યક્તિત્વ ઠરે છે. વાર્તાનો અંત સ્પષ્ટ હોય કે સંકેતાત્મક, તે સ્ત્રીની આંતરિક જાગૃતિ તરફ દોરી જાય છે. વિદુલા સમાજને મૌન રીતે પ્રશ્ન કરે છે - સ્ત્રીનું અસ્તિત્વ શું માત્ર ફરજ પૂરતું જ છે? 'વિદુલા'માં લેખકે પ્રતિકો દ્વારા બતાવ્યું છે કે સ્ત્રી માત્ર સંબંધોની પરિભાષામાં બંધાયેલ વ્યક્તિ નથી, પરંતુ તેની પોતાની ઓળખ, ઇચ્છા અને અસ્તિત્વ છે. આ કૃતિ સ્ત્રીની આંતરિક વેદના અને સમાજના બંધનો વચ્ચેના સંઘર્ષને અસરકારક રીતે રજૂ કરે છે.


**સંદર્ભ ગ્રંથ**

બીજી થોડીક, વાર્તાસંગ્રહમાંથી.

ધોળકિયા, દર્શના(2005), નારીની કથા પુરુષની લેખિની, સંપાદન, હર્ષ પ્રકાશન, અમદાવાદ.

# इतिहास एवं अतीत

-डॉ. विक्रमसिंह अमरावत





समय के तीनों कालखण्डों में अतीत सबसे ज्यादा महत्वपूर्ण इसलिये होता है क्योंकि बाकी दोनों कालखण्ड उसी पर टिके हुए होते हैं। इस वजह से हमेशा 'अतीत का बोध' मानव जीवन की निरंतरता का आधार होता है। 'अतीत का बोध' को जब एक विशिष्ट अनुशासनात्मक पद्धति के अनुसार व्यक्त किया जाता है तब 'इतिहास' का निर्माण होता है। अतीत के इतिहास बनने की यही प्रक्रिया ऐतिहासिक पद्धति कही जाती है। इस पद्धति के दो भाग हैं। पहला इसका मौलिक स्वरूप है जिसे 'इतिहास' के गुणधर्म के रूप में जाना जा सकता है। जिसके बिना 'इतिहास' का होना संभव नहीं है। जो शाश्वत है और उसमें परिवर्तन संभव नहीं है क्योंकि उसमें बदलाव होने से पूरा अनुशासन ही बदल जाएगा। 'इतिहास' का जो गुणधर्म है उसमें (1) भूतकाल का होना, (2) काल में परिवर्तनशीलता या घटना, (3) उस परिवर्तनशीलता या घटना के लिये जिम्मेदार किसी घटक का होना, (4) परिवर्तनशीलता या घटना की भौगोलिक अभिव्यक्ति और (5) इस सब को व्यक्त करने वाला। इन पाँचों को हम सरल भाषा में ऐसे व्यक्त कर सकते हैं – भूतकाल, घटना, व्यक्ति, भुगोल और इतिहासकार – ये पाँच मूल तत्त्व 'इतिहास' के हैं, जो अतीत के इतिहास बनने की प्रक्रिया में होने आवश्यक हैं। इनकी स्पष्टता और अस्पष्टता पर 'इतिहास' का पूरा अनुशासन निर्भर करता है। ये पाँच तत्त्व 'इतिहास' के मूल तत्त्व हैं, जिनके बिना 'इतिहास' को व्यक्त नहीं किया जा सकता। इन तत्त्वों में से एक की कमी भी 'इतिहास' की अवधारणा को क्षीण कर देगी और उसका अनुशासन ही बदल जाएगा।

दूसरे भाग में 'इतिहास' के सहायक तत्त्व हैं। यह 'इतिहास' के मूल तत्त्वों का इत्तर स्वरूप है जो कि पहले से जुड़ा हुआ है, पहले भाग को स्थापित करने और स्पष्ट करने के लिये यह भाग अनिवार्य है। इस भाग की परिवर्तनशीलता पहले भाग के विरोधाभास में नहीं हो सकती अतः यह परिवर्तनशीलता प्रगतिशील है, विकासशील है। यह भाग पद्धति से संबंधित है। पहले चार मूल तत्त्वों को व्यक्त करने के लिये जिस पद्धति का उपयोग किया जाएगा, वो इस भाग का सबसे महत्वपूर्ण हिस्सा है। भूतकाल में घटित किसी ऐसी घटना जो मानव निर्मित या मानव से संबंधित हो और उसके घटित होने की प्रामाणिकता, उसको व्यक्त करने का औचित्य या तार्किकता और व्यक्त करने की पद्धति, ये इस भाग के महत्वपूर्ण हिस्से हैं। यह दूसरा भाग अपने स्वरूप में परिवर्तनशील है किन्तु यह परिवर्तिनशीलता आंतरिक है, बाह्य नहीं। अर्थात् प्रामाणिकता की पहचान और उसको सिद्ध करना आवश्यक है किन्तु उसकी पद्धति में बदलाव किये जा सकते हैं। ठीक उसी तरह से भूतकाल में घटित होने वाली घटना को वर्तमान में व्यक्त करने का औचित्य होना अनिवार्य हैं किन्तु यह औचित्य व्यक्तिनिष्ठ हो

सकते हैं। इनमें विविधता हो सकती है। ठीक इसी तरह से व्यक्त करना आवश्यक है किन्तु पद्धति भिन्न-भिन्न हो सकती है। इस तरह से यह भाग परिवर्तनशील और प्रगतिशील है किन्तु इन बदलावों का स्वरूप आंतरिक होगा, बाह्य कदापि नहीं। प्रामाणिकता, औचित्य अथवा तार्किकता और पद्धति ये प्रक्रियात्मक भाग उस शरीर में प्राण-वायू के समान है जिसमें गतिहीनता स्व-स्थापित है। इस प्राण-वायू के द्वारा ही उस गतिहीन संरचना को अन्य से अलग पहचान प्राप्त होती है।

'अतीत' के 'इतिहास' में बदल जाने की इस प्रक्रिया में उक्त दोनों भागों का सुमेल होना जरूरी है। पहला भाग अधिकांशतः तत्त्व आधारित है, वहीं दूसरा भाग प्रक्रिया से संबंधित है। पहला भाग जड़ है और दूसरा भाग चेतन स्वरूप में है। इसीलिये पहले भाग में कोई बदलाव संभव नहीं होगा लेकिन दूसरा भाग गतिशील है, अतः उसमें बदलाव संभावित हैं। एक अनुशासन के रूप में 'इतिहास' के स्वरूप को लेकर जो विविध विमर्श विकसित हुए और उसकी वैज्ञानिकता के संदर्भ में जो चर्चाएँ हुई उन चर्चाओं का संबंध मूलतः दूसरे भाग से हैं। जो प्रत्येक स्तर पर अकादमिक चर्चाओं की संभावनाओं को बनाए रखता है। यहीं पर यह समाज का अनुशासन बनता है और इसमें समाहित व्यक्तिनिष्ठता ही इसकी पहचान बनने लगती है। एक वैज्ञानिक अनुशासन की लगभग सभी ही शर्तों को पूरा करने के बावजूद भी अन्ततः जिस स्वरूप और प्रक्रियाओं के द्वारा यह अभिव्यक्त होता है उससे इसकी वैज्ञानिकता को सहजता से चुनौती मिल जाती है। यही चुनौती इसके विकास का कारण भी बनती है, क्योंकि स्थापित धारणाओं को विमर्श में लाकर नवीन धारणाओँ के विकास 'इतिहास' के अनुशासन को एक नवीन आयाम प्रदान करते हैं। भले ही 'इतिहास' में निर्जीव काल का विवरण होता है किन्तु यह द्वन्द्वात्मकता उसे गतिशील, प्रगतिशील और सजीव और सक्रिय बनाते हैं। अतीत जब इतिहास बन जाता है तब वो महज अतीत नहीं रहता बल्कि वह वर्तमान से जुड़ जाता है और उसकी निष्क्रियता बाह्य हस्तक्षेप के द्वारा सक्रीयता में परिवर्तित हो जाती है। समय बोलने लगता है और वह वर्तमान को भूतकाल से जोड़ देता है। दो कालखण्डों को इस तरह आपस में जोड़ने वाला यह अनुशासन मानव समाज के लिये निश्चित तौर पर उतना ही अनिवार्य प्रतीत होता है जितना मानव का अनुभवजन्य ज्ञान। इसीलिये आमतौर पर इतिहास को अतीत का वर्तमान कहा जाता है। जो वर्तमान परिप्रेक्ष्य में, विविध दृष्टिकोणों से, विविध दृष्टिबिन्दुओं से अतीत का चयन करता है, उस चयनित अतीत का निरीक्षण, परीक्षण, अवलोकन, प्रमाणन, सह-संबंध और निरंतरता का स्थापन करता है और अंततः उसे एक निश्चित शास्त्रीय प्रविधि और पद्धति से वर्तमान पीढी के समक्ष प्रस्तुत करता है। अतीत के वर्तमान में प्रस्तुतिकरण की इस संपूर्ण प्रक्रिया से इतिहास का निर्माण होता है। अतीत में इतिहास की विषयवस्तु नीहित होती है। अतीत इतिहास का पर्यायवाची नहीं अपितु वो इतिहास का उद्गम स्थल है, इतिहास का गर्भगृह है। अतीत समय को व्यक्त करने की इकाई है और इतिहास अतीत की वर्तमान






# ‘એક નહિ લેવાયેલો ઇન્ટરવ્યૂ’- અનોખી શૈલીમાં આત્મપરિચય

-ડૉ. ધ્વનિલ પારેખ

વર્તમાન ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે હાસ્યલેખનમાં રતિલાલ બોરીસાગર પ્રમુખ નામ છે. ‘મોજમાં રેવું રે’ હાસ્યનિબંધ સંગ્રહ માટે એમને સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. ‘એક નહિ લેવાયેલો ઇન્ટરવ્યૂ ’ જુદી શૈલીમાં એમના આત્મપરિચયને આપણી સમક્ષ મૂકે છે. લેખક પોતે આ શૈલી વિશે જણાવે છે, “એટલે પછી આત્મપરિચય માટે જાતે જ પ્રશ્નો પૂછવા ને જાતે જ ઉત્તરો આપવા એવું વિચાર્યું. પ્રશ્નકર્તા પણ હું ને ઉત્તરદાતા પણ હું.એક નવા જ પ્રકારનો અદ્વૈત માર્ગ! આ અદ્વૈત માર્ગે ચાલવાને પરિણામે આત્મપરિચયની આ સામગ્રી તૈયાર થઈ છે.”( થોડુંક,૧૧)- આ પ્રકારની શૈલીમાં આત્મપરિચય આપવાની વાત ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે પણ નોખી છે અને એમાંથી હાસ્યનો પરિચય પણ મળી રહે છે, એ એની વિશેષતા છે.

નવ જુદાંજુદાં પ્રકરણોમાં અહીં પ્રશ્નોતરી વિભાજિત છે. લેખક જાત પર હસી શકે છે એમ સમાજમાં બનતી ઘટનાઓ કે એ થકી થતા અનુભવો વિશે પણ હાસ્ય પ્રગટાવી શકે છે. પોતાના જન્મની ઉજવણી શક્ય નહોતી માતાપિતાથી, કારણ કે તેમનો જન્મ મહિનાની આખર તારીખ એટલે કે ૩૧ઓગસ્ટે થયો હતો .આ પ્રકારની ઘણી વાતો લેખકે પોતાની વિશે કરીને હાસ્ય પ્રગટાવ્યું છે. પોતાના જન્મ સમયે સાકર વહેંચવાના કારણે એમના વ્યક્તિત્વની મીઠાશ સર્વત્ર પ્રસરેલી રહી હતી,છે,એવું લેખકનું દઢપણે માનવું છે. પોતાના સમયમાં બેન્ક લોન સહેલાઈથી મળતી નહોતી એ સંદર્ભે જણાવે છે, “લોનની આશાએ બેંકમાં આવેલા કોઈને પણ નિરાશ ન કરવાની આજની બૅન્કોની સંવેદનશીલતા ત્યારે એટલી વિકસી નહોતી,”( પા.૦૩)- જોઈ શકાય છે, કે બે સમયની પણ આપોઆપ અહીં તુલના થઈ જાય છે. પોતાના લગ્ન કેવી સ્થિતિમાં થયા, ભાડાના મકાનમાં કેવી રીતે સંસાર શરૂ થયો એની પણ પેટછૂટી વાત લેખકે અહીં રજૂ કરી છે. પોતાની આર્થિક સ્થિતિ વિશે પણ નિખાલસ ભાવે જણાવે છે,“ શામળિયાએ જેમ નરસિંહ મહેતાના પ્રસંગો ઉકેલી આપ્યા હતા એમ નરસિંહ મહેતા જેવી બીજી કોઈ યોગ્યતા ન હોવા છતાં, નરસિંહ મહેતા જેવી આર્થિક સ્થિતિવાળા એવા મારા પ્રસંગો શામળિયો ઉકેલાતો આવ્યો છે.” (પા .૦૬) ઇન્કમટેક્સ વિશેની પ્રશ્નોતરી પણ રસપ્રદ છે. પોસ્ટઑફિસમાં થોડો સમય નોકરી કરી હતી એ અનુભવને બહુ ટૂંકમાં માર્મિક રીતે આમ વ્યક્ત કરે છે, “અથવા કહો કે,પોસ્ટઓફિસની નોકરીને મેં દૂધપીતી કરી દીધી!” (પા.૨૧) પોસ્ટઓફિસની નોકરી વખતે પણ લેખનશુદ્ધિ વિશે તેઓ સજાગ હતા અને આજે પણ છે. સરકારી ઓફિસમાં કે પોસ્ટિફિસમાં

લેખક દ્વારા કરવામાં આવેલી મજાક દ્વારા લેખકે ધડો લીધો કે અસ્થાને મજાક ન કરવી. આમ, થવાને કારણે લેખકની બિનજવાબદારી પણ ક્યાંક પ્રગટ થઈ છે, પણ લેખક નિખાલસ રીતે એની પણ કબૂલાત કરે છે. કેટલાક અઘરા અને અંગત પ્રશ્નો ન પૂછવા એવી ખાતરી પણ લેખકે પહેલેથી લઈ લીધી છે. 'સાહિત્ય એટલે શું?' એવા પ્રશ્નનો ઉત્તરમાં તેઓ આ જ વાત કરે છે. હાસ્ય સિવાય પોતાનામાં બીજી કશી આવડત નથી એ વાતનો સ્વીકાર અન્ય હાસ્યલેખકોની જેમ એમણે પણ કર્યો છે. લેખકની 'ઉઠાંતરીબાજ' તરીકેની જે વિગતો મળે છે એ પણ રમૂજપ્રેરક છે. વાર્તાલેખન પણ લેખકે કર્યું હતું અને ઘણી જગ્યાએથી વાર્તાઓ અસ્વીકૃત થઈ પાછી ફરી હતી. એ સંદર્ભે પોતાની જાતને સમજાવતા લેખક નોંધે છે, "તારી વાર્તાઓ ન સમજાય એવી હોત તો કદાચ છપાઈ પણ જાત! ખરેખર તો તારી વાર્તાઓ શા માટે છાપવી એ તંત્રીઓને નહીં સમજાયું હોય!" અહીં પ્રગટ થતો કટાક્ષ પણ માણવા જેવો છે, જે આ પુસ્તકમાં ઠેરઠેર જોવા મળે છે. લેખક પોતાને એમ પણ આશ્વાસન આપે છે, કે " એ સમયના તંત્રીઓ મારી વાર્તાકથા પારખવામાં ધરાર નિષ્ફળ ગયા". (પા.૩૯).

હાસ્યલેખન તરીકે સમાજ તરફથી થતા અનુભવો કે ક્યાંક મુખ્ય મહેમાન કે વક્તા તરીકે જવાનું થાય અને જે અનુભવો થયા હોય એમાંથી પણ લેખકે હાસ્ય પ્રગટાવ્યું છે. કુલીનચંદ્ર યાજ્ઞિક સાથે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે થયેલો અનુભવ એનું ઉદાહરણ છે. એમના પર જ્યોતીન્દ્ર દવેના લેખનની છાપ છે એ વિશે હાજરજવાબી લેખક જણાવે છે, " પ્રથમ પંક્તિના હાસ્યલેખક ગણવાની મારી પ્રબળ ઝંખનાને કારણે." (પા.૪૬) પોતાના પ્રથમ સંગ્રહ ' મરક મરક' વિશે જ્યોતીન્દ્ર દવેએ પ્રતિભાવ આપ્યો હતો, કે " કેટલુંક લખાણ તો જાણે મેં જ લખ્યું હોય એવું લાગે છે."(પા.૪૬)- આ પ્રતિભાવથી લેખકને ફાયદો થયો કે નુકસાન એ જાણવા આ પ્રશ્નોતરીમાંથી પસાર થવું પડે. કોલમલેખક તરીકેના પોતાના અનુભવોને પણ લેખકે વિશિષ્ટ રીતે મૂકી આપ્યા છે. પીએચ.ડી.નો વિષય રજિસ્ટ્રેશન કરાવ્યા પછી લેખકને ખબર પડી કે અઘરો વિષય પસંદ કર્યો છે. એવા જ અનુભવો ભાષણકળા વિશે પણ લેખકે ટાંક્યા છે. પ્રશ્નોતરીની શૈલી પણ વિશિષ્ટ છે. એક પ્રશ્નમાંથી બીજો પ્રશ્ન ફૂટી નીકળે છે. એમાં તર્કશૈલીનો અનુભવ પણ થાય છે. લેખકને પાંચ મિનિટથી લઈને પચાસ મિનિટ સુધીના ભાષણ કરવાના નોખા અનુભવો છે. પોતે પાંચ મિનિટ જ ભાષણ કરશે એવું કહીને સુરેશ દલાલનો તણાવ એમણે કેવી રીતે હળવો કરી નાખ્યો હતો, એ કિસ્સો પણ રસપ્રદ છે. લેખક હળવી રીતે જ વાત કરે છે પણ એમાંથી ક્યારેક ચિંતન પણ પ્રગટે છે. "તમે વધુ પડતા આશાવાદી છો એવું ન કહેવાય?" (પા.૭૩)એવા પ્રશ્નના ઉત્તરમાંથી એમનું ચિંતન પ્રગટ થાય છે," દિલ કો ખુશ રખને કે લિયે કોઈ ને કોઈ ખયાલ માણસમાત્ર પાસે હોય છે, ને એમ ન હોય તો મોટા ભાગના મનુષ્યો ડિપ્રેશનમાં જ જીવતા હોત !" (પા. ૭૩)- સમાજની એક વાસ્તવિકતા તરફ પણ એમણે અહીં આંગળી ચીંધી છે.

ભોજન અને ચાહ બનાવવાના એમના આગ્રહ અને કુટુંબની એ વખતે થતી દશા વિશે પણ એમણે નિખાલસ રીતે લખ્યું છે. ચાહ સંદર્ભે ચાલતું લેખકનું કડક વિવેચન પણ હાસ્યજનક છે. ચા બનાવવા વિશે કહે છે," ના, ચા થઈ ગયા પછી ગેસ બંધ કરવાનું રોજ ભુલાઈ જાય છે. તમે જાણો છો કે ગેસ જે કેટલો મોંઘો આવે છે ! એટલે ચા કરવા માટે ગેસ બળે છે ને ચા થઈ ગયા પછી ગેસની સાથે ઘરનાનો જીવ પણ બળે છે." (પા.૭૩) પોતાના સારા દેખાવ વિશે રવીન્દ્રનાથ ટાગોરનો કિસ્સો ટાંકીને પોતાનો બચાવ પણ કરી લે છે. નાની ઉંમરે જોયેલી ફિલ્મનાં દશ્યો સપનામાં જોતી વખતે લેખક મૌલિક રીતે એમાં ફેરફારો કરી લેતા. નાદિયાની ફિલ્મોનું એમને આકર્ષણ રહતું હતું. એક સંવેદનશીલ પ્રસંગ જગન મહેતા ફોટોગ્રાફર વિશેનો નિરુપાયો છે. જગન મહેતાએ પોતાનો અંતિમ ફોટો લેખક રતિલાલ બોરીસાગરનો ખેંચ્યો હતો, એ હૃદયસ્પર્શી વાત પણ અહીં રજૂ થઈ છે. ટ્રેનમાં પ્રખ્યાત ગણિતશાસ્ત્રી પી.સી. વૈદ્ય સાહેબનો થયેલો સહજ ને સરસ અનુભવ પણ ઘણી બધી રીતે પ્રેરક બની રહે એમ છે. શરદીના રોગ વિશે એક જ વાક્યમાં પોતાની પીડા વ્યક્ત કરે છે," બારમાસી ફૂલો હોય છે એ તો જાણીતી વાત છે, પણ, બારમાસી શરદી પણ હોય છે!" (પા. ૧૦૪) પોતાની વાચનયાત્રા વિશે, શરદી અને ઠંડી વિશેના નરમ -ગરમ અનુભવો પણ લેખકે મોકળા મને વ્યક્ત કર્યા છે. એવા જ અનુભવો કોરોનાકાળ વખતના પણ લેખકના રહ્યા છે. વિનોદ ભટ્ટ, શાહબુદ્દીન રાઠોડ, જ્યોતીન્દ્ર દવેની વાતો કે કિસ્સા લેખક પોતાના માટે ટાંકે છે અને પોતાની વાતને સ્પષ્ટ કરે છે. પ્રશ્નોતરી શૈલીમાં લખાયેલ આ આત્મપરિચય માણવા જેવો છે.

**(રતિલાલ બોરીસાગરને આ વર્ષનું પદ્મશ્રી સન્માન જાહેર થયું છે.)**

[એક નહી લેવાયેલો ઇન્ટરવ્યૂ, રતિલાલ બોરીસાગર, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ.૨૦૨૨. મૂ.રૂ. ૨૦૦]

# પ્રવૃત્તિ • દર્પણ

-શ્રી અદ્વૈતા દવે

## વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ








**એનસીસી કેડેટ્સનું પ્રતિનિધિત્વ (1/2/2026)**

પૂર્વ એનસીસી કેડેટ્સનાં મિલનમાં 'ફર્સ્ટ ગુજરાત બટાલિયન એનસીસી' તરીકે ગૂજરાત વિદ્યાપીઠનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું. ગાંધીવાદી વિચારો સાથે 'વિકસિત ભારત 2047' ના સ્વપ્નને સાકાર કરવા "વિકસિત ભારત 2047: સમાવેશક અને ટકાઉ વિકાસ માટે ગાંધીયન માર્ગ" વિષય હેઠળ સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી.

**ત્રિપુરાના માનનીય રાજ્યપાલશ્રી સાથે સંવાદ (01/02/2026)**

રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમના 'યુવા વિનિમય કાર્યક્રમ' અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠના પસંદગી પામેલા વિદ્યાર્થીઓને ત્રિપુરામાં 'અષ્ટલક્ષ્મી દર્શન'ની તક પ્રાપ્ત થઈ. આ પ્રવાસ દરમિયાન ત્રિપુરાના માનનીય રાજ્યપાલ શ્રી નલ્લૂ ઇન્દ્રસેન રેડ્ડીજી સાથે લોકભવનમાં વાતચીત કરવાનું સૌભાગ્ય મળ્યું. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માટે રાજ્યપાલ મહોદય સાથે થયેલો આ સંવાદ અને તેમનું સ્નેહપૂર્ણ સ્વાગત આનંદદાયી રહ્યો.

**ઇતિહાસના પાનાઓથી લોથલની ગલીઓ સુધી! (05/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠના બી.એ. અને એમ.એ. ના વિદ્યાર્થીઓનો ગણપતપુરા, અરણેજ અને લોથલ ખાતે યાદગાર શૈક્ષણિક પ્રવાસ યોજાયો. અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ ઇતિહાસને નજીકથી જાણવાની આ એક સુંદર તક હતી!

**એડવાન્સ ન્યુટ્રિશન કાર્યશાળા (6/2/2026)**

ગૂજરાત વિદ્યાપીઠના આહાર અને પોષણ વિભાગ દ્વારા 'એડવાન્સ ન્યુટ્રિશન એસેસમેન્ટ એન્ડ થેરાપ્યુટિક ન્યુટ્રિશન સ્ટ્રેટેજીસ' પર એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને નિષ્ણાતો પાસેથી થેરાપ્યુટિક ન્યુટ્રિશનની ઊંડી સમજ અને નવીનતમ એસેસમેન્ટ ટેકનિક શીખવાનો ઉત્તમ મોકો મળ્યો!

**NET 2025 ના તેજસ્વી તારલાઓને અભિનંદન (13/02/2026)**

યુ.જી.સી. NET ડિસેમ્બર 2025 ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ગૂજરાત વિદ્યાપીઠના તમામ વિદ્યાર્થીઓને તેમની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ હાર્દિક શુભકામનાઓ. તમારી મહેનત રંગ લાવી છે, ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ!

**કાશ્મીરી યુવા સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ (13/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠ અને યુવા બાબતો તથા રમતગમત મંત્રાલયના સહયોગથી 'કાશ્મીરી યુવા સાંસ્કૃતિક આદાન-પ્રદાન ' કાર્યક્રમમાં કાશ્મીર અને ગુજરાતની જીવંત પરંપરાઓ અને નૃત્યોના આયોજન સાથે યુવાનોએ ગૂજરાત વિદ્યાપીઠના સંગ્રહાલયોની મુલાકાત લઈ ગાંધીવાદી વારસાને નજીકથી જાણ્યો.

**પશ્ચિમ ક્ષેત્ર યુવા મહોત્સવમાં ગૂજરાત વિદ્યાપીઠનો ડંકો (14/02/2026)**

એઆઈયુ 39માં આંતર-વિશ્વવિદ્યાલય પશ્ચિમ ક્ષેત્ર યુવા મહોત્સવ 2026 માં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા અને સર્જનાત્મકતા દ્વારા સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. પરિણામો નીચે મુજબ છે:

1. વક્તૃત્વ સ્પર્ધા (હિન્દી): પરીક્ષિત મેઘના મુકેશ (અંગ્રેજી વિભાગ) - તૃતીય સ્થાન.
2. માટી કલા (Clay Modelling): લીનુ પંચાલ (શિક્ષણ વિભાગ) - પાંચમું સ્થાન.
3. પોસ્ટર મેકિંગ: અંશુ કુમારી (સૂક્ષ્મ જીવવિજ્ઞાન વિભાગ) - પાંચમું સ્થાન.

આ સિદ્ધિ વિદ્યાપીઠની સર્વાંગી શિક્ષણ પદ્ધતિની જીવંતતા દર્શાવે છે.

**ધરોહરથી દિશા: સંસ્કૃતિ અને શિક્ષણનો સંગમ (12-14/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠની વ્યવસ્થાપન વિદ્યાશાખા દ્વારા 'ધરોહરથી દિશા' વિષય હેઠળ ત્રિ-દિવસીય ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં પ્રાચીન રમતો દ્વારા રણનીતિ, પરંપરાગત પરિધાન દ્વારા સાંસ્કૃતિક ગૌરવ અને કલા-સર્જન દ્વારા નવીનતાની અભિવ્યક્તિ કરવામાં આવી. અનુભવજન્ય શિક્ષણનું આ એક શ્રેષ્ઠ ઉદાહરણ રહ્યું.

**વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભ (16/02/2026)**

ગૂજરાત કુમાર વિનય મંદિર ખાતે આજે ધોરણ-10 અને 12 ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરે તેવી ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ!

**એસ.એસ.આઈ.પી. અંતર્ગત પોસ્ટર પ્રેઝન્ટેશન (19/02/2026)**

એસ.એસ.આઈ.પી. (સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી) અંતર્ગત વિદ્યાર્થીઓની નવીન વિચારધારાને પ્રોત્સાહન આપવા માટે પોસ્ટર પ્રેઝન્ટેશનનું સુંદર આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં પોતાની પ્રતિભાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

**ખેલ મહાકુંભમાં વિદ્યાપીઠના 2 સિલ્વર મેડલ (19/02/2026)**

ગુજરાત સરકાર દ્વારા આયોજિત રાજ્યકક્ષાની વેઇટલિફ્ટિંગ સ્પર્ધામાં ગૂજરાત વિદ્યાપીઠના ખેલાડીઓનો વિજય: ભટ્ટ યશ (BPED સત્ર-2): 81 કિગ્રા કેટેગરીમાં કુલ 172 કિગ્રા વજન ઉંચકી સિલ્વર મેડલ જીત્યો. આલોક પાસવાન (BPES સત્ર-૬): 73 કિગ્રા કેટેગરીમાં કુલ 115 કિગ્રા વજન ઉંચકી સિલ્વર મેડલ મેળવ્યો. બંને વિજેતા ખેલાડીઓને તેમની મહેનત અને ઝળહળતી સફળતા બદલ ખૂબ ખૂબ અભિનંદન!

**સાયન્સ સિટીની શૈક્ષણિક મુલાકાત (28/02/2026)**

વિશ્વ વિજ્ઞાન દિવસ નિમિત્તે ગૂજરાત કુમાર વિનય મંદિરના વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીની મુલાકાત લઈને વિજ્ઞાનની અજાયબીઓને નજીકથી નિહાળી અને જ્ઞાન મેળવ્યું હતું.

**ગ્રીન ઝોન: વિદ્યાર્થીઓનો પ્રાકૃતિક પ્રયોગ (28/02/2026)**

વિદ્યાર્થીઓએ કેમ્પસની વણવપરાયેલી જમીનને પોતાની મહેનતથી એક જીવંત શૈક્ષણિક પ્રયોગશાળામાં બદલી નાખી છે. અહીં જુદાજુદા વિભાગના વિદ્યાર્થીઓ સાથે મળીને પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. આ પહેલ માત્ર શુદ્ધ ખોરાક જ નહીં, પણ વિદ્યાર્થીઓને વ્યવહારુ શિક્ષણ આપી આર્થિક રીતે પગભર બનાવવાની દિશામાં મહત્ત્વનું પગલું છે. આ 'ગ્રીન ઝોન' ટકાઉ જીવનશૈલીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

**સ્વયંપાકનું આયોજન**

ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ દ્વારા 'સ્વયંપાક'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તેમણે જાતે જ ચૂલા પર દેશી અને સાત્ત્વિક રસોઈ બનાવી હતી. 'સ્વયંપાક'નો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં સ્વાવલંબન અને સમૂહ જીવનના મૂલ્યો કેળવાય તેમજ તેઓ પરંપરાગત આહારશૈલીથી પરિચિત થાય.

## પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર



**પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર**

**વિદ્યાસભા અને કાર્યવાહક પરિષદની બેઠક (06/02/2026)**

વિદ્યાસભા અને કાર્યવાહક પરિષદની મહત્ત્વની બેઠક મળી હતી.. શૈક્ષણિક કાર્ય અને સંસ્થાના ભાવિ આયોજન અંગે ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

**સીડબ્લ્યુએમજી (CWMG) ની મહત્ત્વની બેઠક (10/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠના ઐતિહાસિક પરિસરમાં CWMGની એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન થયું હતું. જેમાં ગાંધીવાદી મૂલ્યો સાથે ભવિષ્યની યોજનાઓ વિશે ચર્ચા કરવામાં આવી.

**પરીક્ષા પે ચર્ચા – 2026 (06/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત 10 શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી સાથે 'પરીક્ષા પે ચર્ચા 2025-26' કાર્યક્રમમાં ભાગ લીધો. પીએમ મોદીજીના મંત્રોએ પરીક્ષાના ડરને આત્મવિશ્વાસ અને સકારાત્મકતામાં બદલી દીધો. હવે પરીક્ષાનો ડર નહીં, પરંતુ તૈયારીનો ઉત્સાહ છે!



**પરીક્ષા અને માનસિક તણાવ પર સંવાદ (17/02/2026)**

ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા તથા મોરારજી દેસાઈ આરોગ્ય ધામ દ્વારા વિદ્યાર્થીઓ માટે 'પરીક્ષા અને



માનસિક તણાવ' વિષય પર સંવાદ અને પ્રશ્નોત્તરીનું આયોજન થયું. નિષ્ણાતોના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓને તણાવમુક્ત રહી પરીક્ષાની તૈયારી કરવામાં ખૂબ મદદ મળશે.

**સાહિત્ય અને હાસ્યની ગોષ્ઠી (17/02/2026)**

હાસ્યના ગુલાલ સાથે સાહિત્યની એક સુંદર સાંજ! ગૂજરાત વિદ્યાપીઠમાં શ્રી રતિલાલ બોરીસાગરના સથવારે "હાસ્ય, હાસ્યરસ અને હાસ્યરચના" પર અદ્દ્ભુત ગોષ્ઠી જામી. ગુજરાતી સાહિત્ય પરિષદની શરદ વકીલ 'તુફાન' વ્યાખ્યાનમાળા અંતર્ગત આ કાર્યક્રમમાં સાહિત્ય અને હાસ્યનો અનોખો સંગમ જોવા મળ્યો.

**આંતરરાષ્ટ્રીય યોગ સંમેલનનું ભવ્ય ઉદ્ઘાટન (20/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠના યોગવિદ્યા વિભાગ દ્વારા આયોજિત ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલનનો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ સંપન્ન થયો. 'યોગના એકીકૃત આયામો, સમગ્ર સ્વાસ્થ્ય, શિક્ષણ અને ભારતીય જ્ઞાન પ્રણાલીઓ' વિષય પર યોજાયેલા આ કાર્યક્રમમાં મહાનુભાવોએ પોતાના વિચારો રજૂ કર્યા. યોગ અને વિજ્ઞાનના આ સંગમે સ્વાસ્થ્ય પ્રત્યે નવી દૃષ્ટિ પૂરી પાડી.

**વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે રાષ્ટ્રીય પરિસંવાદ (21/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'વિશ્વ માતૃભાષા દિવસ' નિમિત્તે 'ભાષાઅભ્યાસનાં પાસાં' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. ભાષાવિજ્ઞાનના તજજ્ઞો અરવિંદ ભાંડારી, ઊર્મિબહેન દેસાઈ, પિંકી પંડ્યા, નીલોત્પલા ગાંધી વગેરેએ માતૃભાષાના જતન અને ભાષાવિજ્ઞાનના વિવિધ પાસાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. વિવિધ ભાષાવિજ્ઞાનીઓના પ્રદાન વિશે પણ વિગતે ચર્ચા કરવામાં આવી હતી.

**બ્રેઈલ પઠન અને લેખન ક્ષમતા નિર્માણ કાર્યક્રમ (21/02/2026)**

દૃષ્ટિબાધિત બાળકોને શિક્ષણની મુખ્યધારામાં જોડવા માટે આયોજિત પાંચ દિવસીય 'બ્રેઈલ પઠન અને લેખન' ક્ષમતા નિર્માણ કાર્યક્રમ સફળતાપૂર્વક સમાપન થયો. આ પ્રસંગે કુલપતિ શ્રી હર્ષદ પટેલએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું. NCERT, નવી દિલ્હી દ્વારા આયોજિત આ તાલીમમાં વિવિધ રાજ્યોના ૩૫ શિક્ષકોએ ભાગ લીધો. શિક્ષણનો ઉજાસ હવે દરેક બાળક સુધી પહોંચશે!

**અમદાવાદ સ્થાપના દિવસની ઉજવણી (26/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ વિભાગમાં 'અમદાવાદ સ્થાપના દિવસ'ની વિશેષ ઉજવણી કરવામાં આવી, જેમાં અધ્યાપકોએ શહેરની સ્થાપનાથી લઈને પોળોના સાંસ્કૃતિક વારસા સુધીના ગૌરવશાળી ઇતિહાસને જીવંત કર્યો.

**કેન્દ્રીય મંત્રીશ્રી સાથે અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓનો સંવાદ (27/02/2026)**

દિલ્હી ખાતે માનનીય કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. મનસુખ માંડવિયાજી સાથે ગૂજરાત વિદ્યાપીઠના અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓને મળવાનો અને સંવાદ કરવાનો લ્હાવો મળ્યો. મંત્રીશ્રી સાથે થયેલી આ ચર્ચા અને વિદ્યાર્થીઓના સૂચનોએ દેશના ઉજ્જવળ ભવિષ્ય પ્રત્યેનો વિશ્વાસ વધુ દૃઢ કર્યો છે

## ઉત્સવો અને તહેવારોની ઉજવણી



**મહાશિવરાત્રી પર્વની પૂર્વ ઉજવણી (14/02/2026)**

ગૂજરાત કુમાર વિનય મંદિર ખાતે વિદ્યાર્થીઓ સાથે મહાશિવરાત્રી પર્વની વિશેષ પૂર્વ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સૌએ સાથે મળીને ભક્તિમય વાતાવરણમાં ફળાહારનો આનંદ માણ્યો હતો.

**વિદ્યાવાટિકામાં રંગોત્સવ (28/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત વિદ્યાવાટિકાના નાના ભૂલકાઓએ ઉત્સાહભેર ધૂળેટીની આગોતરી ઉજવણી કરી હતી. કુદરતી રંગો અને સ્મિત સાથે બાળકોએ એકબીજાને રંગીને આ તહેવારનો આનંદ માણ્યો હતો.

## અન્ય પ્રવૃત્તિઓ





**આંગણવાડી કાર્યકર બહેનોની તાલીમ (11/02/2026)**

સરદાર પટેલ તાલીમ કેન્દ્ર, સાદરા ખાતે અમદાવાદ જિલ્લાની ૩૫ આંગણવાડી કાર્યકર બહેનોની એક મહિનાની જોબ તાલીમનો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. પ્રોગ્રામ ઓફિસર શ્રી ગૌરીબેનની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરી આશીર્વચન પાઠવવામાં આવ્યા હતાં.

**પુરાતત્વ અને સંગ્રહાલય અભ્યાસક્રમનું સમાપન (23/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠના 'આર્કિયોલોજી ફોર ધ પીપલ' અને 'સંગ્રહાલય પરિચય' - પ્રમાણપત્ર અભ્યાસક્રમનું સમાપન થયું હતું. વિદ્યાર્થીઓએ કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલ સાથે મુલાકાત કરીને પોતાના અનુભવો વિશે વાત કરી હતી. આ સાથે જ અભ્યાસના ભાગરૂપે 20 વિદ્યાર્થીઓએ લોથલની શૈક્ષણિક મુલાકાત લઈ પ્રાચીન સંસ્કૃતિને નજીકથી જાણી હતી.

**પરિવાર મેળો: પારિવારિક હૂંફનો સંગમ (23/02/2026)**

કસ્તૂરબા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત આ મેળામાં શુદ્ધ સાત્વિક આહાર અને પારિવારિક હૂંફનો અદ્ભૂત સંગમ જોવા મળ્યો.





**પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ: શિક્ષણ અને અનુભવનો સમન્વય (23/02/2026)**
ગૂજરાત વિદ્યાપીઠના આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ અધ્યક્ષસ્થાને 'પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ' માટેના વ્યક્તિઓની વિશેષ બેઠક મળી હતી. વ્યાવહારિક કૌશલ્યોને શિક્ષણ સાથે જોડવાનો આ પ્રયાસ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રશંસનીય કદમ છે.



**પાવરગ્રિડ અધિશાસી કાર્યક્રમનું સમાપન (28/02/2026)**
વ્યાવસાયિક સજ્જતા મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પાવરગ્રિડના 'અધિશાસી કાર્યક્રમ'નું સફળતાપૂર્વક સમાપન થયું હતું, જેમાં સહભાગીઓને આ ત્રિ-દિવસીય તાલીમ શિબિરમાં યોગ, તારા દર્શન, સાઉન્ડ થેરાપી, ચરખા કાંતણ અને વિદ્યાપીઠ દર્શનની સાથે મેડિટેશન, સ્ટ્રેસ મેનેજમેન્ટ તથા મંત્ર અને મ્યુઝિક થેરાપી જેવી અનેક સકારાત્મક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. કાર્યક્રમની પૂર્ણાહુતિ કુલપતિ ડૉ. હર્ષદ પટેલના પ્રેરક ઉદબોધન સાથે થઈ હતી, જેમના દૂરંદેશી માર્ગદર્શન અને વિચારોએ ઉપસ્થિત તમામ અધિકારીઓમાં એક નવીન ઊર્જા અને ઉત્સાહનો સંચાર કર્યો હતો.




**શબ્દ-યજ્ઞમાં સહભાગી બનો! (25/02/2026)**
ગૂજરાત વિદ્યાપીઠ તેના પ્રખ્યાત 'સાર્થ ગુજરાતી જોડણીકોશ'ને નવું રૂપ આપી રહી છે. આ માટે નવા શબ્દો અને તેના સંદર્ભો મંગાવી રહ્યા છીએ.
**છેલ્લી તારીખ:** 31/03/2026

**મોકલવાનું સરનામું:**
સંયોજક, કોશ કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, અમદાવાદ.
**Email:** kosh@gujaratvidyapith.org
તમારું યોગદાન ગુજરાતી ભાષાને વધુ સમૃદ્ધ બનાવશે.



**શ્રી મોરારજી દેસાઈજીને પુષ્પાંજલિ (28/02/2026)**
ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ અને દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈજીની 131મી જન્મજયંતી પ્રસંગે આજે 'અભય ઘાટ' ખાતે કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ તેમજ અધ્યાપકો અને સેવકો દ્વારા ભાવપૂર્ણ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. રાષ્ટ્ર અને શિક્ષણ ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાનને શત શત વંદન.



**રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી (28/02/2026)**
આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠના 'ગ્રામ વિજ્ઞાન વિસ્તરણ કેન્દ્ર' દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. 'ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન' થીમ પર વિદ્યાર્થીઓએ પોસ્ટર મેકિંગ, રીલ મેકિંગ અને વેસ્ટમાંથી બેસ્ટ જેવી પ્રવૃત્તિઓમાં પોતાની પ્રતિભા બતાવી હતી. વિજ્ઞાન અને નવાચારનો આ એક યાદગાર દિવસ રહ્યો!

**રક્તદાન શિબિર (28/02/2026)**
પૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈની જન્મજયંતી નિમિત્તે વિદ્યાપીઠના એન.એસ.એસ. એકમ અને વિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા રક્તદાન શિબિરનું આયોજન થયું હતું. આપણું લોહી કોઈના જીવન માટે આશાનું કિરણ બની શકે છે.

## પ્રાકૃતિક ખેતી દ્વારા ગ્રામ્ય વિકાસ તરફ ગૂજરાત વિદ્યાપીઠનો સંકલ્પ



**પ્રાકૃતિક ખેતીનો પ્રત્યક્ષ અનુભવ (10/02/2026)**

શીખવું, પ્રયોગ કરવો અને આગળ વધવું! કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગાંધીનગર ખાતે RAWE કાર્યક્રમ દરમિયાન જગુદણ બાગાયત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક ખેતીનો પ્રત્યક્ષ અનુભવ લીધો. વિદ્યાર્થીઓએ અહીં 'પંચસ્તરીય મોડલ' હેઠળ વૃક્ષારોપણ કર્યું અને પ્રાકૃતિક ખેતીના વિવિધ અર્ક તૈયાર કરવાની કલા શીખી હતી.

**કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની મહત્ત્વની બેઠક (13/02/2026)**

ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજીના અધ્યક્ષસ્થાને ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ત્રણેય કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (રાંધેજા, દેથલી અને અંભેટી)ની બેઠક સંપન્ન થઈ હતી. આ બેઠકમાં પ્રાકૃતિક ખેતી દ્વારા ખેડૂતોની સમૃદ્ધિ અને ધરતીની સુરક્ષા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આદરણીય કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ આપણે રસાયણ-મુક્ત કૃષિ તરફ આગળ વધી રહ્યા છીએ.

**કેવીકે અંભેટીની મુલાકાત અને સમીક્ષા (18/02/2026)**

વલસાડના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) અંભેટીની નવસારી કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતો અને જિલ્લા અધિકારીઓએ મુલાકાત લીધી હતી. ટીમે અહીંના પંચસ્તરીય મોડલ અને ગીર ગાય ડેરીના નિરીક્ષણ સાથે પ્રાકૃતિક ખેતીના પ્રયાસોની પ્રશંસા કરી હતી. આ દરમિયાન 36મી સાયન્ટિફિક એડવાઈઝરી કમિટિની બેઠકમાં વાર્ષિક કાર્યોની સમીક્ષા પણ કરવામાં આવી.

## ગૂજરાત વિદ્યાપીઠ મુલાકાત



**ગૂજરાત વિદ્યાપીઠની સાદગી અને ગાંધીવાદી દર્શનના સાક્ષી બનતા અતિથિઓ (02/02/2026)**

પીએમએમએલ (PMML) ના નિદેશક શ્રી અશ્વની લોહાનિજી અને નાણાકીય સલાહકાર શ્રી ચંદન પુગાલિયાજીએ આપણા પરિસરની મુલાકાત લીધી હતી. તેમણે બાપુ દ્વારા સ્થાપિત આ સંસ્થાની સાદગી, ગાંધીવાદી દર્શન અને અહીંની શૈક્ષણિક પ્રવૃત્તિઓને નજીકથી નિહાળી હતી. સાથે જ સંગ્રહાલયોની ઐતિહાસિક ધરોહરનું પણ અવલોકન કર્યું હતું.

**મેંગલોર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની શૈક્ષણિક મુલાકાત (18/02/2026)**

મેંગલોર યુનિવર્સિટી, કર્ણાટકના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમને ગ્રંથાલયના ઇતિહાસ, સંગ્રહ, સેવાઓ, ડિજિટલ સુવિધાઓ તથા વાચક કેન્દ્રિત પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો હતો. ગ્રંથાલયની કાર્યપદ્ધતિ અને આધુનિક ટેકનોલોજી આધારિત સેવાઓ વિશેની માહિતી વિદ્યાર્થીઓ માટે અત્યંત માર્ગદર્શક સાબિત થઈ હતી.

### કુલપતિશ્રીના નેતૃત્વના સફળ 2 વર્ષ (09/02/2026)




ગૂજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલને તેમના કાર્યકાળના 2 સફળ વર્ષ પૂર્ણ થવા બદલ હાર્દિક અભિનંદન અને અનેક શુભેચ્છાઓ. તમારા દૂરંદેશી નેતૃત્વ અને અટલ સમર્પણે સંસ્થાને નવી ઊંચાઈઓ પર પહોંચાડી છે. અમે તમારા ઉત્તમ સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્યની કામના કરીએ છીએ.

# આગામી કાર્યક્રમો

## ફેબ્રુઆરી ૨૦૨૬




| | |
|---|---|
| 12 March | દાંડી યાત્રા (સાબરમતી આશ્રમ થી ગૂજરાત વિદ્યાપીઠ) |
| 16-17 March | 2-દિવસીય રાજ્યસ્તરીય કાર્યશાળા અનુવાદ: સિદ્ધાંત અને પ્રયોગ |
| 16-19 March | Sugam Sangeet Workshop |
| 21-22 March | Odoo x Gujarat vidyapith Hackathon 2026 |
| 24 March | National Seminar: Science, Sustainability and Social Responsibility |
| 28 March | National Seminar: Sustainable Nutrition Community Health |
| 28-29 March | संस्कृत समारोह : महर्षि पतंजलि भारतीय ज्ञान परम्परा और सांस्कृतिक चेतना का समन्वित अध्ययन |



મને ફાગણનું એક ફૂલ આપો...

મને ફાગણનું એક ફૂલ આપો, કે લાલ મોરા
કેસૂડો કામણગારો જી લોલ.

વનની વાટે તે વ્હાલા એક ફૂલ દીઠું લોલ,
એકલ કો ડાળ, એક એકલડું મીઠું લોલ,
મેં તો દીઠું દીઠું ને મન મોહ્યું, કે લાલ મોરા,
કેસૂડો કામણગારો જી લોલ.

ઉત્તરના વાયરાએ ઢંઢોળ્યા વંન લોલ,
જાગી વસંત, કૈંક જાગ્યાં જીવંન લોલ,
મેં તો સુખડાંની સેજ તજી જોયું, કે લાલ મોરા,
કેસૂડો કામણગારો જી લોલ.

રૂપલિયા વાટ મારી રૂપલિયા આશ લોલ,
સોનલા સૂરજ તારા, સોનલ ઉજાસ લોલ,
તારી વેણુમાં વેણ મેં પરોવ્યું , કે લાલ મોરા,
કેસૂડો કામણગારો જી લોલ

- સુન્દરમ્